Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૫૩ · તા. ૨૭ ડિસેમ્બર - ૧૪ થી ૨ જાન્યુઆરી - ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા કચ્છ સુથરીમાં આયોજિત સમુહ લગ્ન સંપન્ન : તા. ૭.૧૨.૨૦૧૪




વિશાળ મંચ



દિપ પ્રાગટ્ય



પ્રાધાનશ્રીનું સન્માન



મહાનુભાવોના આશીર્વાદ





સત્કાર સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો



સ્મરણિકાનું વિમોચન



દાતા પરિવારનું સન્માન



મહાકાળી ભાવના





૧૦૮ પ્રાર્શ્વનાથ પુજન



ધણીબાવાનો પાઠ



કન્યાદાન પ્રદર્શન ઉદઘાટન



પાનેતરની સોંપણી



ખોંભાના છાલની સોંપણી



લગ્ન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો



કન્યાદાન ભેટ આપતા પ્રધાનશ્રી



નવ દંપતિ સાથે મહાનુભાવો

વધુ તસવીરો બીજા અને છેલ્લા કવર પર

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ ઉજવાયો

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા ક.દ.ઓ.જૈન જ્ઞાતિનો સમુહલગ્નોત્સવ ૨૦૧૪ સુથરી કચ્છ મધ્યે યોજાયો હતો. જેમાં ૬ નવ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા.

સમુહલગ્નના મુખ્ય સહયોગી શણગાર માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધરમશી પરિવાર સુથરી-પુના-માટુંગા તથા સહયોગી શણગાર માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર સાંયરા-ડોંબિવલી હતા. જ્યારે વિશેષ સહયોગ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી સુથરીનો રહ્યો હતો.

તા.૬-૧૨-૧૪ ગાંધીધામ સ્ટેશને ગ્રુપના કાર્યકર ભાઈ-બહેનો માટેની નવકારશીનો લાભ શ્રી અરવિંદ લાલજી લોડાયા પરિવારે લીધેલ.

તા.૬પ્રથમદિવસે બહાર ગામથી પધારેલા જાનૈયા-માનૈયાઓનું વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવેલ. પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પુસાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા. તથા પુ.સાધ્વી શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન યોજાયું હતું. વિધિ વિધાન ધર્મેશ દેઢીયા, ઘાટકોપર. પૂજનમાં કિશોર સંગાર એન્ડ પાર્ટીએ રમઝટ જમાવી હતી. ધોતિયાની વિધિ બાદ મહાકાળી માતાજીની ભાવના યોજાઈ, તે દરમ્યાન પાનેતર તેમજ ઘરચોળા સોંપવાની વિધિ ઉપસ્થિતિ આગેવાનોના વરદ્ હસ્તે કરવામાં આવેલ. કન્યાઓને પૂજન, ભાવના, દાંડીયારાસ માટે અલગ અલગ સાડીઓ તેમજ ચણીયાચોલી, પાનેતર, ઘરચોળા તેમજ ઈમિટેશન જવેલરી આપવામાં આવેલ. જેથી કન્યાઓ સુશોભીત બની હતી. સાંજે ભલારાદાદાનો પાઠ વિપુલ પટેલે માંડેલ તથા ભણીબાવાનો પાઠ નવિનભાઈ મૈશેરી ને પ્રબોધ મુનવરે માંડેલ. રાત્રે સુર-સંગીત અને ઓસ્કેસ્ટ્રા સાથે ભવ્યાતિભવ્ય દાંડિયા રાસમાં વર-કન્યાઓ સાથે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જાનૈયા-માનૈયાઓ તથા સૌ સમાજવાસીઓ હોંશે હોંશે રમ્યા હતા. કન્યાઓને તૈયાર કરવા માટે બ્યુટીશીયન હિના ગાલા ડોંબિવલી મુંબઈથી પધારેલ.

તા. ૭ બીજા દિવસે સવારે કન્યાદાન એ મહાદાનનું સ્વપ્ન સાકાર કરતા ભવ્ય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન રાજેન્દ્રભાઈ ખોના તથા ચેતનભાઈ મોમાયાએ કર્યું હતું. વરરાજાઓનો ભવ્યાતિભવ્ય વરઘોડો ઢોલ શરણાઈ અને બેન્ડપાર્ટીના સથવારે વાજતે-ગાજતે નીકળ્યો હતો. વરરાજાઓ શણગારેલા ઘોડા ઉપર શોભી રહ્યા હતા. લગનીયાની વિધિ જુની પરંપરા રીતે ચંદ્રેશ સોની, વિરેન્દ્ર લોડાયા, વિનોદ લાલકાએ કરાવી હતી. મંડપ પ્રવેશ દ્વારે તોરણ નીચે વરરાજાઓને પોંખવાની વિધી થયેલ. લગ્ન મંડપે મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. હસ્ત મેળાપ કાર્યક્રમ યોજાયો હતો. ચોરીના પહેલા ફેરા વખતે ચાંદીની ગાય આપવામાં આવેલ. લગ્નની શાસ્ત્રોક્ત વિધી અબડાસાના પ્રખ્યાત ગોર મહારાજ વિનોદભાઈ વ્યાસે કરાવી હતી. એક કન્યાને પરણાવવાનો લાભ ગ્રુપના ભાઈ-બહેનોએ લીધેલ. ભાઈ તરીકે રાજેશભાઈ દંડ તથા કેવલ લાલકા, મામા-મામી વિનોદ લાલકા, જયેશ લાલકા, ખેવના લાલકા, માતા-પિતા મીના મિકેશ દંડ, વડિલ તરીકે ખુશાલભાઈ મૈશેરી, લક્ષ્મીચંદભાઈ દંડ, અણવરી તરીકે જાગૃતિબેન મૈશેરી હતા.


શ્રી મહાવીર - માટુંગા - શ્રી મહાવીર - માટુંગા - શ્રી મહાવીર - માટુંગા -

50% ફેન્સી એમ્બ્રોયડરી ની નવી સેમ્પલ સાડીઓ 50%

• કારીગરની હાથ અને મશીન ભરતની જરી /રેશમની સેમ્પલની તૈયાર ફ્રેસ સાડીઓમાં ૫૦% થી ૬૦% નું હેવી ડીસ્કાઉન્ટ

• સાચી જરીની જુની સાડીઓ ફાટી ગયેલ ઘરચોળા - નાના પીસીસ સારા ભાવે વેંચાતા લઈશું

જલ્દી પધારો - લીમીટેડ સ્ટોક

શ્રી મહાવીર એમ્બ્રોડરી,
મહાવીર કમ્પાઉન્ડ માટુંગા સે. રેલ્વે
ટે : ૨૪૦૨૫૦૭૦ / ૯૬૫૨૨૩૯૫૩૭

60% રવિવાર ના બંધ 60%

શ્રી મહાવીર - માટુંગા - શ્રી મહાવીર - માટુંગા - શ્રી મહાવીર - માટુંગા -

સત્કાર અને અભિવાદન સમારોહનું મુખ્ય અતિથિપદ રાજ્યના કુટીર ઉદ્યોગ અને ગૌસંવર્ધક મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ શોભાવ્યું હતું. અતિથિવિશેષ પદ અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ અને મુંબઈ મહાજનના પૂર્વ પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખોના, સુથરી મહાજનના ટ્રસ્ટી શ્રી ચેતનભાઈ મોમાયા, પરજાઉ મહાજનના પ્રમુખ શ્રી ગુલાબભાઈ દંડ, કચ્છ એકમના ઉપપ્રમુખ શ્રી મહેશભાઈ લાલકા, ડુમરા જૈન સંઘના પ્રમુખ શ્રી હીરાચંદભાઈ ગાલા, સામાજીક અગ્રણી શ્રી પ્રવિણભાઈ લોડાયા, સહયોગી દાતાશ્રી મણીકાન્તભાઈ લોડાયા આદિએ શોભાવ્યું હતું.

આગેવાનોનાં વરદ્ હસ્તે દીપપ્રાગટય કરવામાં આવેલ. મહેમાનાને મીઠડો આવકાર આપતા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને જણાવ્યું હતું કે, દર વર્ષે ડીસેમ્બર માસમાં જ્ઞાતિ સમુહલગ્નોત્સવનું કચ્છમાં આયોજન કરવામાં આવે છે.જેમાં જ્ઞાતિ પરિવારો હોંશે હોંશે જોડાય છે. સમાજ સમુહ લગ્ન તરફ વળ્યો છે. ગોવિંદજી પટેલ, અરવિંદ લોડાયા, કિરણ દંડે પ્રસંગ પરિચય આપ્યો હતો.

સર્વ તેમજ દાતાપરિવારના ગ્રુપ તરફથીસન્માન કરવામાં આવ્યા.

શ્રી રાજેન્દ્રભાઈ ખોનાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૪ વર્ષથી સમુહ લગ્નની જે પ્રવૃત્તિ થઈ રહી છે તે પ્રસંશનીય છે. સમાજ માટે ઉપયોગી છે. તેમણે ગ્રુપની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

સમુહલગ્નોત્સવનાં સર્વે દાતાશ્રીઓનું આગેવાનોનાં હસ્તે સન્માન કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. કન્યાદાનના મુખ્ય સહયોગી દાતાશ્રીઓ માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની હ. જયંત સોની સુથરી-જુહુ, સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન કોઠારા-મુલુંડ, માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ (મોમાયા) સાંયરા-મુલુંડ-હૈદ્રાબાદ, માતુશ્રી રતનબાઈ કાંતિલાલ મોતા-રાયધણજર-મુલુંડ, માતુશ્રી ધનબાઈ કલ્યાણજી ભેદા-વારાપધર-મુલુંડ, શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા(લોખંડવાલા)-સાંધવ-ઘાટકોપર, કન્યાદાનના સહયોગી દાતાશ્રીઓ શ્રી શૈલેશ સુધાકર યાજ્ઞિક-વાશી-નવી મુંબઈ, માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ વેલજી લોડાયા સાંયરા - રાયપુર મે. એકઝીમ ટ્રાન્સ ટ્રેડ (ઈંડિયા) પ્રા. લિ. કોઠારા - મુલુંડ, પ્રિયાંશી જયેશ માણેકજી લોડાયા સાંધવ - મુલુંડ, માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર હસ્તે નલીનભાઈ-સુથરી-ડોંબિવલી, માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા-કોઠારા-મુલુંડ, માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા (માં ઓમ પરિવાર) આરીખાણા-મુલુંડ, શ્રીમતી કલ્પનાબેન શામજી નરશી દંડ-સાંધવ-મુલુંડ, માતુશ્રી મીઠીબાઈ રાયમલ મોમાયા-સુથર–મુલુંડ, શ્રી મુલજી નરશી પોલડીયા બાયઠ-વડાલા, શ્રી હંસરાજ વિરજી વિકમશી વારાપધર-ડોંબિવલી, માતુશ્રી મલ્યાબાઈ શરદ દંડ-પરજાઉ-મુલુંડ, શ્રી પ્રવિણચંદ્ર મનસુખલાલ વશા-મુલુંડ-મુંબઈ માતુશ્રી ભચ્ચીબાઈ ધનજી દંડ-પરજાઉ-અમદાવાદ, શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા-બાંઢીયા-અમદાવાદ, શ્રી કરશન રતનભાઈ સાંધાર-શેરડી, ઉપસ્થિત રહેલા. કન્યાદાનના દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. રાજ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ગ્રુપ દ્વારા નવદંતિઓને પ્રતિક ભેટ અર્પણ કરવામાં આવેલ. સ્મૃતિ સંભારણું બુકની વિમોચન વિધિ રાજ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતાં જૈન રત્ન અને રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ નવદંપતિઓનું જીવન અતિ સુંદર અને સમૃધ્ધ બને તેવી અંતરની શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, જયેશભાઈ જૈન પાસે મારી જુની માંગણી હતી કે સમસ્ત જૈન સમાજનો સમુહલગ્ન ભુજમાં યોજાય. એ માંગણી સ્વીકારીઈ છે. જેથી મને અતિ આનંદ છે. ક.વિ.ઓ. જૈન મહાજન ભુજવતી આ જાહેરાતને આવકારું છું. ભુજમાં ઐતિહાસ લગ્ન કરવા છે. જે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈને રહેશે. મુંબઈમાં સામાન્ય માણસ ઘરે લગ્ન યોજે તો ૧૦ લાખ ખર્ચો થઈ જાય છે. અહીં ગ્રુપે કચ્છ સમાજનો સમુહ લગ્ન યોજી સમાજનાં લાખો રૂપિયા બચાવ્યા છે. સમય બદલાયો છે... કદમ બદલાવો, સુખનાં દિવસો કચ્છમાં આવ્યા છે. કચ્છમાં રહેવા આવો અને ધંધામાં સેટ થાઓ.

કચ્છ ઉપર જ્યારે આફત આવી છે, ત્યારે મુંબઈ રહેતા કચ્છીઓએ દાન-પૂન કરી કચ્છને ઉગાર્યુ છે. સમુહ લગ્નો દ્વારા આર્થિક, નૈતિક રીતે સમાજને મજબુત બનાવવાનું કાર્ય શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ કરી રહ્યું છે. એક સાથે સમુહ ભોજન એટલે જેનાં અન્ન ભેગા તેનાં મન ભેગા કહી તેમણે જણાવ્યું હતું કે, પંજા-દશા-ભેગા થઈ ચૂક્યા છે. હવે દશા-વિશાનાં મિલનની

**અનુસંધાન ૧૮માં પાને**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 53/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## તંત્રી સમીપે

# અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના વહીવટી હસ્તાંતરણ સુગમ બનાવીએ.

મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિની અને અનંતનાથજી ટ્રસ્ટની ચૂંટણીઓ તાજેતરમાં પૂર્ણ થઈ છે. મતદાન ૨૮ ડિસેમ્બરના થવાનું હતું પરંતુ મુકરર બેઠકો કરતાં ઓછી સંખ્યામાં ઉમેદવારો હોતાં તેઓ બિનહરીફ ચૂંટાયાની જાહેરાત થઈ.

મુંબઈ મહાજનના બંધારણના અનુરૂપમાં વ્યવસ્થાપક સમિતિની બાકીની પાંચ (કો - ઓપ્ટ સભ્યો સિવાયની) બેઠકો પૂર્ણ કરવા માટે, મહાજનના વર્તમાન સેક્રેટરીએ આ ૩૯ સભ્યોની એક સભા ૧૨ જાન્યુઆરી ૨૦૧૫ના બોલાવી છે. તે રીતે થોડા દિવસોમાં આ પાંચ સભ્યોની નિમણુંક થયાની સતાવાર જાહેરાત થશે. અલબત્ત, આ સભ્યોની પસંદગી કરવા બાબતે ચુંટાયેલા ૩૯ સભ્યોએ અવિધિસરપણે આ અગાઉ નિર્ણય લઈ લીધો છે અને મુંબઈ મહાજનના પ્રમુખ તરીકે પણ કોની વરણી થશે તે પણ લગભગ નિશ્ચિત થઈ ચૂક્યું છે આ ખુલ્લું રહસ્ય પણ સત્તાવાર સ્વરૂપે જ્ઞાતિ સમક્ષ આવે તે માટે થોડા દિવસોનો જ સવાલ છે.

પરંતુ અનંતનાથજી ટ્રસ્ટની બાકીની બે બેઠકો પૂર્ણ કરવા માટે તો સત્તાવાર રીતે ત્રણ મહીના પછી એટલે કે ૧લી એપ્રીલ ૨૦૧૫ પછી જ નિમણુંક કરી શકાશે તે રીતની ટ્રસ્ટની સ્કીમની જોગવાઈ છે. તેમાં પણ, આ સ્કીમ મુજબ ટ્રસ્ટમાં જ્યાં સુધી ઓછામાં ઓછા પાંચ ટ્રસ્ટીઓ હોય ત્યાં સુધી બાકીની બધી એટલે કે છ કે તેથી ઓછી કે કોઈ પણ નિમણુંક કરવી કે ન કરવી, તે આ પાંચ ટ્રસ્ટીઓની મુનસફી પર નિર્ભર હોય છે તે જોગવાઈ જોતાં ચૂંટાયેલા જાહેર થયેલા આ નવ ટ્રસ્ટીઓ બાકીની એક કે બે બેઠકો પૂર્ણ કરવા અંગે ૧ લી એપ્રિલ પછી જ કાર્યવાહી કરી શકશે. પરંતુ અહીં પણ, કમસે કમ એક બેઠક માટે કોની વરણી થશે તે પણ એક ખુલ્લું રહસ્ય સુનિશ્ચિત બન્યું છે.

અલબત્ત, એ એક જુદી વાત છે કે આ ખુલ્લા રહસ્યો, ચૂંટણીના ઉમેદવારી પત્રકો ભરવાના છેલ્લા દિવસે જ છતાં થઈ ગયેલા તે વખતે નવનિર્વાચિત ટ્રસ્ટ બોર્ડ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં બહુમતી ધરાવતી ગરિમા પેનલના મુખ્ય ઉમેદવારના મહાજનના લેણા બાકી અંગેનો મુદ્દો પેચીદો બનેલો ત્યારે આ પેનલના સભ્યોએ પરિપક્વતા દાખવી જ્ઞાતિના વિશાળ હિતમાં સકારાત્મક પગલું લીધું તે પણ અત્રે ઉલ્લેખનીય છે.

આ બધી ગતિવિધિઓને બાજુએ મૂકીને હાલના તબક્કે કરવા યોગ્ય એક જુદા પ્રકારની કાર્યવાહી અંગેની વિચારણા પ્રસ્તુત બની છે. પોતાની મુદતના શેષ રહેલા આગામી ત્રણ મહીના દરમ્યાન અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના વર્તમાન સભ્યો હવે નીતિવિષયક કોઈ મોટા નિર્ણયો લે કે કોઈ નવા કાર્યક્રમ કે પ્રવૃતિ જાહેર કરે કે યોજે તેવા કોઈ સંકેતો કે પરિસ્થિતિ હાલ દેખાતી નથી અને ટ્રસ્ટ અને મહાજનના વહીવટની પ્રણાલિકા અને ઔચિત્યની દૃષ્ટિએ પણ આવા નીતિવિષયક મોટા નિર્ણયો આ ત્રણે મહિનામાં ન લેવાય તે જ યોગ્ય છે.

આમ, હવે ત્રણેક મહિના માટે ટ્રસ્ટ અને મહાજનનો વહીવટ ઔપચારિકપણે સંભાળાશે પરંતુ સંભવત: આ મંદ, સુસ્ત અને બોજ વગરની કાર્યવહનતા અને નિરસતાને વર્તમાન ટ્રસ્ટીઓ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિના અધિકારીઓ ગતિશીલ સક્રિયતામાં બદલી શકે એમ છે.

આ માટે, આ ત્રણ મહીના દરમ્યાન તેઓ આ નવનિર્વાચિત વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને ટ્રસ્ટીઓ તેમજ બાકીની બેઠકોમાં જેમની ચોક્કસપણે વરણી થવાની છે તે સભ્યો અને ટ્રસ્ટીઓ સાથે એક - બે અનૌપચારિક સભાઓ યોજી શકે છે અને પોતે અત્યાર સુધી પાંચ વર્ષ દરમિયાન મહાજન અને ટ્રસ્ટના વહીવટમાં વખતો વખત લીધેલા નિર્ણયો અંગે તેમજ આરંભેલા કામોમાં શેષ રહેલ કામ, તેના ખર્ચ વિગેરે બાબતે અને વહીવટ દરમ્યાન અનુભવેલી મુશ્કેલીઓ વિષે આ અનુગામી ટ્રસ્ટબોર્ડ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોને માહિતગાર કરી શકે છે અને તેમની સાથે નિખાલસતાથી મહાજન અને ટ્રસ્ટના વહીવટના સમગ્ર માળખા વિષે વિચાર વિનિમય કરી શકે છે. આમ થાય તે ઈચ્છનીય છે તેમજ જરૂરી પણ છે.

મુંબઈ મહાજનશ્રી દ્વારા હાલ જે કાર્યો, પ્રકલ્પો અને પ્રવૃતિઓ ચાલી રહેલ તેનો ઉલ્લેખ કરીએ તો નવી મુંબઈમાં મહાજનવાડી અને અતિથિગૃહનું નિર્માણ, મેડિકલ ઈનશ્યુરન્સ, ચેન્નઈ મહાજન સાથેના સંયુક્ત ઉપક્રમે યોજાતી યુવા - વિનિમય જેવી પ્રવૃત્તિઓ, વસતિપત્રક સમિતિને આપવા નક્કી થયેલ અનુદાનની રકમમાંથી બાકી રહેતી ચૌદલાખ જેટલી રકમનો વિવાદ વિશેષપણે નોંધનીય છે.

અનંતનાથજી ટ્રસ્ટના વહીવટ અંગે ઉલ્લેખ કરીએ તો અનંતછાયાના પુનર્વિકાસમાં ભાડુતોના હકકોની સુરક્ષા, ત્યાં નુતન જિનાલયનું નિર્માણ, ડેવલપર સાથે થયેલા કરારને લીધે ઉદભવતા પ્રશ્નો, મસ્જિદબંદરમાં અનંત નિવાસ, અનંતભુવન અને અનંતનાથજી જિનાલય નજીકની મિલકતોના પુનર્વિકાસની શક્યતા કે અશક્યતા બાબતે મેળવેલ અહેવાલો, દાણા બંદરમાં બોમ્બે પોર્ટ ટ્રસ્ટ પાસેથી ફાળવણી થયેલ પ્લોટ પર અતિક્રમણ દૂર કરવાની કાનુની કાર્યવાહી, કાંજુરમાર્ગમાં શ્રી અનંતનાથજી કોમ્પલેક્સની હાઉસિંગ સોસાયટીએ ડિમ્ડ કન્વેયન્સ બાબતે મળેવલ હુકમને પડકારતી હાઈકોર્ટમાં થયેલ રીટ પીટીશન, કચ્છ માંડવી ધર્મશાળામાં અનધિકૃત ભાડુતો સામેની કાર્યવાહી, ટ્રસ્ટના કર્મચારીઓના યુનિયન અંગેની હાઈકોર્ટમાં અનિર્ણિત કાનુની કાર્યવાહી વિગેરે બાબતો મુખ્ય ગણી શકાય.

આમ, નવા ટ્રસ્ટબોર્ડે અને મહાજનની વ્યવસ્થાપક સમિતિએ આવી અનેક મહત્વની બાબતો અંગેની કાર્યવાહીનો દોર સંભાળવાનો થશે, તે દ્રષ્ટિએ તેમને આ ત્રણ મહિના દરમ્યાન સુમાહિતગાર કરાશે તો તેમને પણ સુગમતા રહેશે અને વહીવટી સાતત્ય અને સૂત્રતા જાળવી શકાશે.

આશા રાખીએ કે જ્ઞાતિના વિશાળ હિતમાં વર્તમાન તેમજ અનુગામી ટ્રસ્ટબોર્ડ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો આ માટે પરસ્પર સંવાદ સાધીને એક આગવી પ્રણાલિકા આરંભશે અને તેને ઉત્તમોત્તમ નિખાર આપશે.

**- રા.**

## શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ

મુંબઈ મહાજનશ્રી દ્વારા હાલ યોજાયેલ ચૂંટણીમાં શિક્ષણ પ્રસાર સમિતિ ટ્રસ્ટ પર મુંબઈ મહાજનના પ્રતિનિધિ મોકલવાની ચુંટણીમાં શ્રી સુનીલ પદમશી લાલકા (મુલુંડ) બિન હરીફ ચુંટાયા છે.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## સમસ્ત મહાજનના વર્ષ ૨૦૧૫ના કેલેન્ડરનું જ્ઞાતિ અર્પણ

સમસ્ત મહાજનના વર્ષ ૨૦૧૫ના રંગીન આકર્ષક અને માહિતીસભર કેલેન્ડરનું જ્ઞાતિ અર્પણ રવિવાર તા.૨૧.૧૨.૧૪ ના રોજ જૈનમ હોલ ખાતે સંપન્ન થયું.

આ જ્ઞાતિ અર્પણવિધિ શ્રી રાપરગઢવારી - નાની સિંધોડી સંઘના સહયોગે એમના સ્નેહમિલનના કાર્યક્રમ દરમ્યાન ગણીવર્ય પ.પૂ.કવીન્દ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં, મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ મા.શ્રી નિરજનભાઈ મોમાયા સહ મોંઘેરા મહેમાનો તથા જ્ઞાતિજનોની બહોળી ઉપસ્થિતિમાં સંપન્ન થઈ.

કેલેન્ડરમાં જા.ખ.આપનાર સર્વ જ્ઞાતિજનો, વસતિપત્રક સમિતી, શ્રી દીપકભાઈ ડાઘા, શ્રી સત્યેન્દ્રભાઈ દંડ અને સમયબધ્ધ સુઘડ મુદ્રણ કરી આપનાર મે. ચિતન ગ્રાફીક્સ તેમજ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન, શ્રી KDO વિદ્યાર્થીસંઘ, તેમજ શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલનો કે જેમણે સમસ્ત મહાજનની વિનંતીને સ્વીકારી 'એક જ્ઞાતિ એક જ કેલેન્ડર' ના સુત્રને સાર્થક કરી પોતાના અલગ કેલેન્ડરો પ્રસિધ્ધ ન કરી, દાખવેલ જ્ઞાતિ પ્રેમ બદલ વિશેષ આભાર વ્યક્ત કરાયો હતો.

શ્રી રાયચંદભાઈ જીવાણી, શ્રી કલ્પેશભાઈ મોતા અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કિરીટભાઈ લાપસીયાના કરકમળો દ્વારા વિમોચન કરી, તેની પ્રત પ.પૂ.ગણી શ્રી ને અર્પણ કરી સૌએ વાસસ્કેપ લીધો હતો.

સંચાલન સે જ શ્રી ચીમન મોતાએ અને આભારવિધિ શ્રી લક્ષ્મીચંદભાઈ પોલડીયાએ કરેલ.
- તસવીરો છેલ્લા કવર પર.

### કેલેન્ડરનું વિતરણ

**સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન વર્ષ ૨૦૧૫ના આકર્ષક, માહિતીસભર અને રંગીન કેલેન્ડરનું જેનું વિતરણ કાર્ય પણ શરૂ થઈ ચુક્યું છે. મુંબઈમાં કેલેન્ડર વિચારે કુરીયર દ્વારા વિતરિત કરાશે.**

**ગત વર્ષોની જેમ KDO વિદ્યાર્થી સંઘએ તેમજ આ વર્ષથી ડોંબિવલી મંડળ એ પોતાના અલગ કેલેન્ડર ન છાપી, જ્ઞાતિ ઐક્ય દાખવી સહયોગ આપ્યો તે બદલ તેમના એમના ઋણી છીએ.**

**- ચીમન મોતા સે.જ.**


॥ શ્રી ભલારા દાદાય નમઃ ॥

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ - લાલપુર**

દ્વારા આયોજીત

**શ્રી ભલારાદાદાની મુંબઈમાં '૨૭મી સમુહ પહેડી'**

ચૈત્ર સુદ ૧ ગુડી પડવાના શુભ દિવસે **તા.૨૧-૩-૨૦૧૫ શનિવાર** સાંજ ૪ થી ૧૦ કલાકે દાદાની પહેડીનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતવાર જાહેરાત પાછળથી કરવામાં આવશે.

શ્રી ભલારાદાદાની મુંબઈમાં ૨૭મી પહેડી **દાતાશ્રી** આવકાર્ય છે. આસરે ૫૦૦૦ થી ૫૫૦૦ ભાવીકો દાદાના આર્શીવાદ લેવા પધારે છે. દાતા બનવા ભાગ્યશાળી ભાવિકોએ **વહેલો તે પહેલાના ધોરણે** નામ લખાવવા વિનંતી.

**સંપર્ક : પંકજ પદમશી ખોના (૯૩૨૩૮૬૬૩૩૪) વિરચંદ નરશી લોડાયા (૯૫૯૪૬૦૦૯૦૦)**

**લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ**

શ્રી ભલારાદાદાની અસીમ કૃપાથી અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મૂળસ્થાનક શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩-૧૪ અને પૂનમ **તા.૨,૩,૪ એપ્રિલ ૨૦૧૫ના ત્રાન્હિકા મહોત્સવ**નું આયોજન છે. આ ધ્વજા મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિભાવના અને દાદાનો પાઠ રહેશે અને રાત્રે મહાઆરતી દીવડા રહેશે. આ મહોત્સવ પ્રસંગે સર્વે ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે.

**શ્રી ભલારાદાદાના સ્થાને જે આવાસ બાંધકામ ચાલુ છે. તે (૯૫) પંચાનું ટકા બાંધકામ પૂર્ણ થઈ ગયો છે.**

**લી. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ - લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

**શ્રી ભલારાદાદા આપની મનોકામના પૂર્ણ કરે**

## ૨૦૦૪ ના યુવા મિલન વખતે થયેલા સુનામીના અનુભવને દાયકો થયો!
## (તિલકભાઈ લોડાયાના અંગ્રેજી લેખના આધારે)

૨૬ મી ડિસેમ્બર ૨૦૧૪ ના દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના નેજા હેઠળ કે.ડી.ઓ જૈન જ્ઞાતિ મહાજન ચેન્નઈએ વીજીપી ગોલ્ડન બીચ રીસોર્ટમાં યોજેલા યુવા મિલન વખતે થયેલ દરિયામાં ધરતીકંપ આવવાથી ઉઠતા મોજાના તોફાન સુનામીના અનુભવને દસ વર્ષ થયા.

આયોજક ચેન્નઈ તથા દક્ષિણ ભારતના જ્ઞાતિજનો અને તેમાં ભાગ લેનાર બધા માટે આ જીવનમાં ક્વચિત જ થાય તેવો લાંબો પ્રભાવ મુકનાર અનુભવ હતો.

આ અનુભવની વાત જવા દઈએ તો અમને આયોજકોને જે ખાતરી હતી કે દરિયા કિનારા પાસે ૭૦ હરિયાળા એકરમાં પથરાયેલ વીજીપી ગોલ્ડન બીચ રીસોર્ટ યુવા મિલન માટે શ્રેષ્ઠ સ્થળ પુરવાર થશે તે ઠીક હતી.

કાર્યક્રમો માટે દરિયા કિનારે વિશાળ મંચ તૈયાર કરવામાં આવેલો. અગાઉના અનુભવોને આધારે કાર્યક્રમોની ઢબ, સમય તથા વિષય વસ્તુમાં જોરદાર ફેરફાર કરવામાં આવેલા, તેથી પણ આ યુવા મિલન સવાયું સફળ થશે એવી ધારણા હતી. યુવા મિલન નિમિત્તે અલગ અલગ જગ્યાએથી આવેલા ૪૦૦ યુવક - યુવતિઓ અને ૩૦ જેટલા આયોજક મોટાઓ રીસોર્ટમાં હતા.

પ્રથમ દિવસે શુભારંભનો દિવસ હતો. એ દિવસે બધું નક્કી કરેલા સમયપત્રક પ્રમાણે ચાલ્યું અને બધી વાતોમાં સવાઈ સફળતા મળી....

...બીજા દિવસ એટલે કે તા. ૨૬.૧૨.૨૦૦૪ના જાવા - સુમાત્રામાં દરિયામાં આવેલા ધરતીકંપથી જે પ્રચંડ ભયાનક સમુદ્રી મોજાં ઉઠયા તેણે પૃથ્વીના આખાય દક્ષિણ - પૂર્વીય દરિયાને ગાંડો કરી દીધો. ભારતનો પૂર્વ કિનારે પણ તેની લપેટમાં આવી ગયો.

તા. ૨૬.૧૨.૦૪ના સવારે અમે દરિયા કિનારા પાસેના મંચ પર આર્ટ ઓફ લીવીંગના કાર્યક્રમનું આયોજન કરેલું. એ કાર્યક્રમ શરૂ થવાનો હતો ને જ સુનામી ત્રાટકી. તે વખતે સુનામી એટલે શું કોઈને ખબર નહોતી. એ નામ પણ પહેલી વખત સાંભળવા મળેલું. દરમિયાન ધરતીકંપ આવે અને દરિયો પણ ગાંડો થાય એ કલ્પના બહારની વસ્તુ હતી.

અમે તો તેને દરિયા - પવનના તોફાન તરીકે જ ગણ્યું. દરિયા કિનારે બાંધેલ કાર્યક્રમો માટેનો મંચ અને મંડપ પત્તાના મહેલની જેમ તુટી પડયા. દરિયા કિનારાથી ૪૦૦ મીટર એટલે કે આશરે ૧૨૫૦ ફૂટ દૂર આવેલા અમારા રસોડામાં પણ પાણી ફરી વળ્યા. અંધાધુંધીનું વાતાવરણ સર્જાયું. દરેકના ચહેરા પર મોતનું તાંડવ જોયું હોય તેવો ભય હતો. અધુરામાં પુરું રીસોર્ટનો સ્ટાફ પણ જીવ બચાવવા નાસી ગયો અને અમારી સંભાળ અમારે જ લેવાની હતી.

દેશભરમાં સુનામીના સમાચાર પ્રસર્યા એટલે સહભાગી થનાર યુવક - યુવતિઓના કુટંબીજનો ઉપરાંત જ્ઞાતિ આગેવાનોના ફોન પર ફોન આવવા લાગ્યા. બધા એક જ સલાહ આપી રહ્યા હતા કે તમારા કાર્યક્રમને ઝટપટ સમેટીને જુદે જુદે સ્થળેથી આવેલાઓને વહેલામાં વહેલી તકે તેમના ઘેર પહોંચાડી દો.

ચેન્નઈ શહેર અને તામિલનાડુના કાંઠા વિસ્તારનું જનજીવન થંભી ગયું હતું. વ્યવસ્થા તંત્રને નામે મોટો શુન્યાવકાશ સર્જાયેલો. શું થશે, કેમ થશે તેનો જવાબ આપવા સરકારી તંત્રમાંથી કોઈ હાજર નહોતા.

સદભાગ્યે અમને આપવામાં આવેલા રૂમ ઊંચા ઓટલા પર હતા એટલે જાનનો ખતરો નહોતો. અમે સૌ શાસનદેવને પ્રાર્થના કરી રહ્યા હતા. અને અમારી પ્રાર્થના સંભળાઈ હોય તેમ શહેરમાં - રિસોર્ટમાં ધુસી આવેલા પાણી પાછા ફરવાની શરૂઆત થઈ.

અમે આયોજકોએ ઉતાવળે સહભાગી થનારાઓમાંથી નેતૃત્વ શક્તિવાળા લોકોની સભા બોલાવી.

મેં જુસ્સો જાળવી રાખવા અને પ્રેરવા જે શબ્દો કહેલા તે આજેય મારા કાનમાં ગુંજે છે. મેં અંતરના ઊંડા ખૂણેથી હિંમત એકઠી કરીને આ

મતલબનું કહેલું "શાસન દેવે આપણને માત્ર આપણી જ નહીં માનવ જાત સામે આવેલા અકલ્પનીય મોટા કુદરતની હોનારતના પડકારના સાક્ષી બનવાની તક આપી છે. આપણે જે અનુભવમાંથી પસાર થઈ રહ્યા છીએ તેને શબ્દોથી વર્ણવી ન શકાય પણ એટલું નક્કી છે કે આ અભૂતપુર્વ કટોકટીની ક્ષણે જો આપણે આપણી જાતને સંભાળી લઈશું તો તે જીવનભર યાદ રહે... જીવનભર હિંમત પ્રેરતો રહે તેવો અનુભવ હશે. અત્યારે આપણે હિંમત, મનની સ્વસ્થતા, સાહસ અને ટીમ વર્ક (જુથ ભાવના)નું પ્રદર્શન કરવાનું છે. જો આપણે તે કરી શકશું તો એ સરવાળે એટલું બધું લાભકારી ઠરશે કે જાણે મોટામાં મોટી મુશ્કેલી મોટામાં મોટા લાભમાં ફેરવાઈ ગઈ હોય! આપણે શાસનદેવ અને આપણી પુણ્ય કમાઈમાં શ્રદ્ધા રાખીએ, આપણું કાંઈ જ બુરું નહીં થાય. એવી કોઈ મુશ્કેલી નહીં હોય જે આપણે આપણા બધાની શક્તિ સાથે લાવીને સંભાળી ન શકીએ".

બધા વિકલ્પોની વિચારણા કર્યા પછી બધા કાર્યક્રમો સમયપત્રક પ્રમાણે જ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો અમે બધાએ જે મળ્યું તેનો નાસ્તો કર્યો અને કામે લાગી ગયા. અમે બધાની શક્તિ એકઠી કરીને છેક સમુદ્ર કિનારા પરનો મંચ અને મંડપ કિનારાથી ૮૦૦ મીટર એટલે કે આશરે ૨૫૦૦ ફૂટ અંદરની તરફ લઈ આવ્યા. એકાદ કલાકમાં તો અમે મંચ - મંડપ ઊભા કરવા ઉપરાંત ખુરશીઓ પણ ગોઠવી દીધી અને જાણે કાંઈ જ બન્યું હોય તેમ કાર્યક્રમ આગળ વધાર્યો. અમારા હૈયાં કંઈક થશે એની આશંકાથી જોરજારથી ધબકતા હતા પણ ધીમે ધીમે અમે જે કર્યું તેનાથી અમારામાં હિંમત પ્રગટી.

અલબત્ત, સહભાગી થનારાઓના સંગાંઓની


## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

## જીવદયા ક્ષેત્રે મદદ માટે અપીલ

આભાર સાથે જણાવાનું કે શ્રી.ક.દ.ઓ.જૈન સંઘ ગાંધીધામના અગ્રણી આગેવાનો સાથે સમાજના બંધુઓ, શ્રી અચલગચ્છ જૈન સંઘ - આદિપુર તેમજ બૃહદ ગાંધીધામના વિવિધ સમાજના પરિવારોનો આર્થિક સહયોગ જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના મુંગા અબોલા જીવો માટે છેલ્લા ત્રણ માસથી **શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાને 'દર્દભરી અપીલ'**ને માન આપી મળી રહ્યો છે.

આ સંસ્થા કપરા વર્ષમાં સર્વે જૈન સંઘો, દેરાસરજીઓ, સર્વે જીવદયા પ્રેમી પરિવારો પાસેથી જીવદયાના યજ્ઞમાં ઉમદા સહકારની અપેક્ષા રાખે છે.

સર્વે શ્રી આચાર્ય ભગવંતો, સર્વે મહારાજ સાહેબોશ્રી, સાધુ-સાધ્વીશ્રીઓ, સંસ્થાઓ, કંપનીઓ એમનું યોગદાન આપે, એવો નમ્ર અનુરોધ છે.

છેલ્લા ચાર મહિનાથી સંસ્થાનો વહીવટ નીગરાની - દેખભાળ સમાજ હસ્તક લીધેલ છે. દેસાવર ખાસ મુંબઈ નિવાસી જખૌવાસી બંધુઓ સંસ્થાના માનદ સભ્ય બની સંસ્થાને વધુ પગ ભર કરવા આગળ આવે એવી ખાસ વિનંતી છે.

સંસ્થાને સેવા ક્ષેત્રે શ્રી પદમશી ભાઈ નેણશીભાઈ મોમાયા (જખૌ - ગાંધીધામ), શ્રી કાંતિલાલભાઈ કાનજી લાલકા(આદિપુર), શ્રી રાજેન્દ્રભાઈ કુંવરજીભાઈ લાલકા (નેત્રા - કચ્છ) ના વધુ માર્ગદર્શન પ્રાપ્ત થયેલ છે.

**સર્વે સહકાર દાતાઓનો આભાર.**

**લબ્ધિકુમાર બી.મોમાયા** જીવરક્ષા અભિયાન (જાહેર સામાજીક કાર્યકર)

**જાxખ સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર,**

સાઈ લીલાશા કોમ્પલેક્સ, લાશાહનગર, ગાંધીધામ કચ્છ - ૩૭૦૨૦૧

ચિંતા ઓછી કરવાનું મુશ્કેલ હતું. અમે એમને સમજાવી રહ્યા હતા કે શાસનદેવની કૃપાથી અમે જીવનની આકરામાં આકરી પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ થયા છીએ અને બધું બરાબર ચાલુ થઈ ગયું છે. પણ તેઓ માનવા કેમ તૈયાર થાય? ચારે તરફ મીડીયામાં સુનામીની તબાહીના સમાચાર આપી ગભરાઈ જવાય તેવા ફોટા બતાડાઈ રહ્યા હતા. તેથી એ બધાના જીવ સતત ઊંચા રહે અને તેઓ અમારી ફીકર કરતા રહે એ સ્વાભાવિક હતું. તેમના સંતાનો પોતે જ મોબાઈલ પર વાત કરીને કહે કે અમે સહીસલામત છીએ પછી જ એમનો જીવ હેઠો બેસતો. ચેન્નઈ અને તામિલનાડુની સ્થિતિને થાળે પડતા દિવસો લાગ્યા પણ અમે નિર્ધારિત કાર્યક્રમ સમયપત્રક પ્રમાણે જ આગળ ધપાવ્યો. માયાજાળ અને સત્યભામા યુનિવર્સિર્ટીની મુલાકાતના કાર્યક્રમ પણ એવા સંજોગોમાં વધારે રસપ્રદ બન્યા.

ચેન્નઈ મહાજનના દરેકે દરેક સ્ત્રી - પુરુષે અતિથીઓની આવા સંજોગોમાં પણ હોંશથી પુરેપૂરી સરભરા કરવા માટે જે જહેમત લીધી એ ખરેખર કાબીલે તારીફ હતી. બીજી મહત્વની વાત એ કે રીસોર્ટમાં રહેવાનું રાખ્યું પણ માલ - સામાન જાતેલઈ ભોજન - નાસ્તા - ચા / પાણી મહારાજ રાખીને બનાવડાવેલા. તેને કારણે ફાઈવ સ્ટાર સરભરા છતાં ખર્ચ ખુબ જ ઓછો આવેલો.

મોતના તાંડવ વચ્ચે યોજાયેલું એ યુવામિલન ૩૦ સગપણો કરાવવામાં નિમિત્ત બન્યું. એ આંકડો પણ ખુશી પ્રેરક હતો / આજે પણ છે.

એ યુવા મિલનમાં સહભાગી થનારાઓ લાખોમાંથી એકને મળે તેવો અને જીવનભર યાદ રહે તેવો અનુભવ લઈને પાછાં જતા ભાવવિભોર થઈ ગયા. એ વખતે અમે કહેલું સુત્ર **તુફાન તોહફા બન ગયા** ઘણાને યાદ હશે.

એ બધા પોત પોતાને ઘેર પહોંચી ગયા છે એવા સંદેશાઓ પછી જ ચેન્નઈના જ્ઞાતિજનોએ નિરાંતનો શ્વાસ લીધો આ આયોજન એ વાતની સાક્ષી પુરે છે કે જો ધારે તો નાનું મહાજન પણ મોટા - મહાન કામ કરી શકે છે.

## પખાવાજની કલાના કસબી - વરાડીયા



શ્રીકચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા તા. ૨૭.૦૯.૧૪ના ભાંડુપ મધ્યે આયોજિત ૮ પખાવાજ મંડળોની સ્પર્ધામાં શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળનો પ્રથમ પારિતોષિક તથા વરાડીયાના શ્રી રાજેન્દ્ર પીતાંબર ડાઘા (રાજુ ઢોલી) ને આ સ્પર્ધામાં ખાસ સ્થાન મળ્યું. વરાડીયાના પખાવાજ પ્રેમીઓ પ્રથમ આવ્યા એની પાછળ આ ગામના પખાવાજ પ્રેમીઓની વર્ષોની જહેમત છે.

વરાડીયાએ આજ સુધી પખાવાજની કલાને જીવંત રાખી છે. દર વર્ષે પર્યુષણમાં ૩૦ - ૪૦ ભાવિકો વરાડીયા નિયમિત જાય છે. રાત્રી ભાવનામાં, વરઘોડામાં, પોથી - પારણાના જાગરણમાં પખાવાજનો વધારે મહત્વ અપાય છે.

આજથી ૧૨ વર્ષ પહેલાં શ્રી દીપક ગંગાજર ડાઘાએ પખાવાજના પ્રભાતિયા સહિત જુના સુમધુર સ્તવનોનો સંગ્રહ પુસ્તક રૂપે પ્રકાશિત કરેલ જે ઘણા વર્ષો બાદ પખાવાજની પ્રથમ પુસ્તિકા હતી. ત્યારબાદ અન્ય ત્રણેક મંડળીએ આ સબંધી પુસ્તક પ્રગટ કર્યા છે.

**લગ્ન સંબંધી**

'મહારાષ્ટ્રમાં સ્થિત, ઉ.વ.૨૯ (૧૯૮૫ બોર્ન) B.Com. 6', કુંવારા યુવક માટે બહારગામ જવા તૈયાર યોગ્ય કન્યાના વડીલ કુંડળી અને ફોટા સાથે સંપર્ક કરે : 09420965042'

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
● સાચી/ટેસ્ટેડ કસબ અને ઝીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
● રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

## નારી શક્તિ ઝિંદાબાદ!

પૂર્વે આંધ્રપ્રદેશ હાલ તેલંગાણાના નિઝામાબાદ શહેરની શ્રી વાસુપૂજ્ય સ્વામી વરસની ૫૦ વરસ પૂર્ણ થયા. સુવર્ણ જયંતિ વરસની ઉજવણી ખાસ ભંડોળ માંગી રહી હતી. દેરાસરના ટોચથી પાયા સુધીની કાયાપલટ તેમજ સાધારણ ખર્ચને પહોંચી વળવા સ્થાનિક સંઘે ટહેલ કરી. ગામમાં તો માત્ર ૧૭ ઘર! સહૃદયી સજ્જનો અને માતબર ટ્રસ્ટોનો સંપર્ક કરવાની આવશ્યકતા જણાઈ.




અવસરની આવશ્યકતા અને જરૂરિયાતની ગંભીરતાને લક્ષ્યમાં લઈ વરસોથી અહીં શ્રી વાસુપૂજ્ય દાદાની નિશ્રામાં રહી ધંધોપાણી કરતા શ્રી શામજી પરબત મોતા (વારાપધર) પરિવારના પુત્રવધુ શ્રીમતી વીણાબેન ઉત્તમચંદ મોતાએ ચક્રે ગતિમાન કર્યા. જરૂર જણાઈ એટલે સ્વયં પતિદેવની સાથે મુંબઈની ટુંકી મુલાકાત લઈ ઉત્સાહપૂર્વક ઓળખાણ પીછાણવાળા જ્ઞાતિજનો અને ટ્રસ્ટીઓનો વિના વિલંબે સંપર્ક સાધ્યો. વીણાબેનના ઉત્સાહ અને રજુઆતને સારો પ્રતિસાદ મળ્યો. 'સાથી હાથ બઢાના' સુત્ર સાર્થક થયું. તેમણે શ્રી નિઝામાબાદ જૈન સંઘાને ચરણે નોંધપાત્ર ફાળો એકત્ર કરી આપી નારી શક્તિની મિશાલ કાયમ કરી. નારી શક્તિ ઝિંદાબાદ!

**- કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ**

## જેમના નામથી ગામ ઓળખાય તેવા હીરાચંદ પટેલ અને નવીનચંદ લોડાયા

એક વખત મહેસાણા ગયેલ, ત્યાંથી મારા ગામે બાંડીયા જવું હતું વિચાર કર્યો કે શંખેશ્વરદાદાનાં દર્શન કરતા જઈએ.

મહેસાણાનાં મુખ્ય રસ્તા ઉપર આવેલ સીમંધર સ્વામી જિનાલયનાં દર્શન કરી. ત્યાં બેઠેલા મહેતાજીને શંખેશ્વર જવા ક્યાંથી બસ કે વાહન મળશે એ માટે પુછયું.

મહેતાજીએ એક નજર અમારા સામે નાખી સવાલ કર્યો કયા ગામનાં?


**॥શ્રી અજીતનાથ દાદાયનમઃ॥**

## દલતુંગી સ્નેહમિલન હાર્દિક આમંત્રણ

દલતુંગીના સર્વ ક.દ.ઓ.જૈન જ્ઞાતિના ગામવાસીઓનું સ્નેહમિલન રવિવાર તા.૦૧.૦૩.૨૦૧૫ ના રોજ સમય બપોરના ૩.૦૦ થી ૮.૦૦ કલાક દરમ્યાન શ્રી અનંતસિધ્ધી ભાડુંપ (વેસ્ટ) મુકામે આયોજીત કરેલ છે.

આ પ્રસંગે આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. આ જાહેર નિમંત્રણને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશો.

ગામવાસીઓના વર્ષ દરમ્યાન અઠાઈ તપ અને એનાથી વધુ મોટી તપસ્યા તથા શિક્ષણમાં ધોરણવર્ષ ૨૦૧૩-૧૪ માં Jr.Kg થી ધો. ૧૨ સુધીના ૬૦ ટક્કા અથવા (B+) ગ્રેડ, થી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થીઓ ટકાવરી સાથે રિઝલ્ટ તા.૧૫.૦૨.૨૦૧૫ સુધી નામ નીચે આપેલ કાર્યકર્તાઓને નોંધાવવા વિનંતી.

આ. પ્રસંગે તપસ્વી બહુમાન, સરસ્વતી બહુમાનનો લાભ લઈ શકાશે.
**આપના સહકારની આપેક્ષા સહ....**

**શ્રી અજીતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ દલતુંગી તથા**
**શ્રી ક.દ.ઓ.જૈન મહાજન દલતુંગી**

**આયોજક :- શ્રી દલતુંગી મિત્ર મંડળ - મુંબઈ**

- બિપીન શામજી શિયાલ - 09371484740
- ગુલાબ લખમશી લાપસીયા - 08976677721
- પ્રવિણ રાયચંદ લોડાયા - 09833819689
- મનિષ ઉત્તમચંદ માલદે - 09619187242

"મેં જવાબ આપ્યો બાંડીયા ગામના"

મહેતાજીએ કહ્યું 'હીરાચંદ પટેલ'ના ગામના ને? મનમાં આનંદ હૃદયમાં ઉમંગ સાથે વિચાર્યુ મહેસાણામાં હીરાચંદભાઈ પટેલનાં ઓળખિતા, મળે એ તો કેવો યોગાનુયોગ. મેં મહેતાજીને પુછ્યું કે "અમારા હીરાચંદ પટેલને તમે કેવી રીતે ઓળખો છો?"

મહેતાજીએ કહ્યું "મુંબઈ મહાજન - ટ્રસ્ટે ૯૯ યાત્રાનો કાર્યક્રમ પાલીતાણામાં રાખેલ ત્યારે હું અને પટેલ યાત્રિકોની વ્યવસ્થા કરવા પાલીતાણામાં સાથે હતા.

નાસીકમાં સમાજસેવાક શ્રી નવીનચંદ આણંદજી લોડાયા બાંઢીયા ગામનાં નામથી જ ઓળખાય છે.

વિચાર કર્યા કે ગામના નામથી વ્યક્તિ ઓળખાય કે વ્યક્તિનાં કાર્યોથી ગામ ઓળખાય.

***- તિલક કુંવરજી લાલકા, બાંડીયા***


**શ્રી કોઠારા સ્થાને ચામુંડા માંને નમતા મૈશેરી નુખના ભાવિકોની સાતમી પહેડી**

શ્રી કોઠારા સ્થાને ચામુંડા માઁને નમતા મૈશેરી નુખના ભાવિકોની સાતમી પહેડી રવિવાર તા. ૨૨.૩.૨૦૧૫ સવારના ૮.૩૦ કલાકે થી આયોજેલ છે.

**સ્થળ : નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ - ૭૮.**

**નિયાણી બહેનોને સહ પરિવાર આમંત્રણ છે.**

**આ પહેડીના સંપુર્ણ લાભાર્થી પરિવાર**

**શા. કુંવરજી ખીંયરાજ મૈશેરી ગામ - મોટી સિંધોડી**

**લી. ચામુંડા માં પહેડી સમિતિ**


## જ્ઞાતિના રંગોળી કલાકાર નિર્મળા મૈશેરી બન્યા અનોખા પોલીસ મિત્ર



ક.દ.ઓ. મહિલાઓ આમ દરેક ક્ષેત્રમાં આગળ પણ પોલીસનું નામ આવે એટલે જરા અણમતી વાત હોય તેવા ચહેરાના ભાવ દર્શાવે. પણ જ્ઞાતિના એક સન્નારી એવા છે જે પોલીસને બંદોબસ્તમાં જ નહીં. એમના કાર્યક્રમમાં સહયોગ આપવા સાથે દરેક પ્રસંગે ભાડુંપ પોલીસ સ્ટેશનમાં રંગોળી બનાવવાની હોય ત્યારે અચૂક બોલાવાય....આ કલાકાર હૃદય પોલીસ મિત્રનું નામ છે.નિર્મલા શીવજી મૈશેરી (નાની સિંધોડી-ભાડુંપ)

હૈયા ઉકલતથી મહેંદી-બ્યુટીશીયન અને રંગોળી કલાકાર તરીકે જાણીતા થયા. પડોશના કલાસ ચલાવતા બહેન પાસે ઔપચારિક તાલીમ લીધી ને પ્રોફેશનલ મહેંદી કલાકાર બ્યુટીશીયન તરીકે કામ શરૂ કરી લોકપ્રિયતા મેળવી.

જોકે કુદરત તેમને કંઈક અલગ દિશામાં લઈ જવા માંગતી હશે. એટલે જાહેરમાં રંગોળી કરવા નિમિત્તે નજીકના ભાડુંપ પોલીસ સ્ટેશન સાથે નાતો બંધાયો અને ગાઢ થતો ચાલ્યો.

અત્યારે તેઓ એસ.પી.એસ.એમ સેજવાલ તથા સીનીયર પોલીસ ઈન્સપેક્ટર પી.આર. ચવ્હાણ તેમજ આસીસટન્ટ પોલીસ ઈન્સપેક્ટર દીપાલી કુલકર્ણી અને પોલીસ સબઈન્સપેક્ટરના આગ્રહથી શાંતિ સમિતિ અને મોહલ્લા કમિટીમાં સેવા આપી રહ્યા છે. મહિલાઓના પ્રશ્નોમાં પોતાની વગનો ઉપયોગ કરતા કૃતાર્થતા અનુભવે છે.

નવકારમાં પૂરી શ્રધ્ધા હોવાથી જયંત રાહીના નવકાર જાપનું જ્યાં આયોજન થાય ત્યાં કાર્યકર્તા તરીકે સેવા આપે છે.

રંગોળી કલાકાર તરીકે જ્ઞાતિની સંસ્થાઓમાં સેવા આપવા ઉત્સુક છે. ***(તસવીર છેલ્લા કવર પર)***


**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## સહુ દેવીની પુજા કરે છે અને સ્ત્રીને દાસી બનાવીને રાખે છે

**વનિતા**



**વિશ્વ**

હું શકુંતલા, દાસીએ કહ્યું તમારા કેશમાં રજત રંગની સળીઓ દેખાય છે, ત્યારે મારા ચહેરા પર સ્મિત આવી ગયું. હવે સ્મિત કરું છું તો મારી આંખોના ખૂણે નાની નાની કરચલીઓ પડે છે. ત્વચાની સ્નિગ્ધતા નથી ઘટી કે નથી મારી કટિનો વળાંક સહેજેય ઓછો થયો! સ્તનોની પુષ્ટતા એટલી જ છે. મારા કેશનો વિસ્તાર એટલો જ છે, બસ એ કાળા ભમ્મર કેશમાં હવે ધીરે ધીરે શ્વેત સળીઓ દેખાય છે.

મહારાજ તો હવે વાનપ્રસ્થમાં પ્રવેશી ચૂક્યા છે. ભાગ્યે જ મારા આવાસે પધારે છે. ભરતને રાજગાદી સોંપ્યા પછી રાજ્યની ગતિવિધિમાં અને કાર્યોમાં જાણે એમનું ચિત્ત જ નથી રહ્યું ભરત ઉત્તમ રાજ્યકર્તા બનશે, એવી દૃઢ શ્રદ્ધા છે અમને સૌને... પ્રજાજનોને પણ! ભરતે રાજ્યભાર સંભાળ્યો પછી મને પણ મારું જીવનકાર્ય સંપન્ન થયું હોય એવું લાગે છે.

વિસ્તરેલું આ રાજ્ય મહારાજ દુષ્યન્ત ઘણી જ કુશળતાથી ચલાવતા હતા. હું રાજ્યાસન પર એમની નિકટ બેસીને મહારાણી હોવાનું ગૌરવ અનુભવતી.... સન્માન મેળવતી! ક્યારેક મને જ વિચાર આવતો, શું આ બધું મારે સ્વીકારવું જોઈએ? આજે જે સન્માન અને સુખ હું ભોગવી રહી છું એ ક્યારેક તિરસ્કારથી મારા હાથમાંથી ઝૂંટવી લેવાયું હતું, જે મહારાજ દુષ્યન્ત આજે પોતાના પુત્ર પર ગૌરવ કરી રહ્યા છે. એમણે કદીક કહ્યું હતું કે સ્ત્રીઓ જૂઠું બોલવામાં અતિશય ચાલાક હોય છે.

હું કણ્વ ઋષિના આશ્રમથી નાનકડા ભરતને લઈને દુષ્યન્તની રાજ્યસભામાં પહોંચી, ત્યારે વિધિપૂર્વક પૂજા કરીને મેં કહ્યું, હે રાજન! દેવની ઉપમાવાળો આ પુત્ર આપનાથી જ મારામાં જન્મ થયો છે. માટે હે પુરુષ શ્રેષ્ઠ! પ્રતિજ્ઞા પ્રમાણે આપ એના પ્રત્યે વર્તન કરો. હે મહાભાગ! કણ્વના આશ્રમમાં મારી સાથેના સંગ વખતે પૂર્વે આપે જે પ્રતિજ્ઞા કરી છે, તે યાદ કરો.


### શ્રી સચ્ચામાં દંડ પરિવાર સેવક ભરૂડીયા દસમી સમુહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

કુળદેવી સચ્ચામાની સમુહ પહેડી તથા સ્નેહમિલનનું આયોજન **રવિવાર તા.૧૧.૦૧.૨૦૧૫**ના સવારે ૮.૩૦ થી રાતે ૮.૩૦વાગ્યા સુધી જૈનમ કલાસીક એ.સી.હોલ, એલ.બી.એસ.રોડ, ભાડુંપ(વે) મધ્યે રાખેલ છે. સમસ્ત હાલારના **દંડ પરિવારજનો તથા નિયાણી બહેનો દીકરીઓને સહકુટુંબ પધારી પહેડી પ્રસાદનો** લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે. ભક્તિગીતઃ- નેહા શૈલેષ ગડા એન્ડ પાર્ટી

કુરીયર દ્વારા સૌને આમંત્રણ પત્રિકા મોકલાવેલ છે. જો ન મળી હોય તો

**આ જાહેરાતને આમંત્રણ પત્રિકા સમજી સહકુટુંબ પધારવા વિનંતી છે.**

**આ સંપૂર્ણ પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર**

**●માતુશ્રી લીલબાઈ કેશવજી ગોવિંદજી દંડ પરિવાર ●માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ પરિવાર**

**●માતુશ્રી દમયંતી જીવરાજ લખમશી દંડ પરિવાર ●માતુશ્રી પુષ્પાબેન શાંતીલાલ દંડ પરિવાર**

સરનામા બદલાયા હોય તો આ કાર્યકર્તાઓને જાણ કરવા વિનંતી :

●મયુર વિ. દંડ : 9619666111 ●અમીત શાં. દંડ 9323406052 ●દર્પણ ને. દંડ 9920057598

●વિકાસ ધ. દંડઃ 9167235061 ●મેહુલ અ. દંડ 9819850210 ●યોગેશ સુ. દંડ 976903048

●ખીલીન મ. દંડ 9324412193 ●રાજુ પ્ર. દંડ 9820861013 ●જતીન લ. દંડ 9820301283

મારા આ વચન સાંભળીને તેમને સ્મરણ છતાં આમ બોલ્યા, મને સ્મરણ નથી. હે દુષ્ટ તાપસી! તું કોની સ્ત્રી છે?

હું ત્યાંથી ચાલી નીકળી.... એ પછી મને આકાશવાણી દ્વારા જાણ થઈ કે, મહર્ષિ દુર્વાસાના શ્રાપથી દુષ્યન્તને થઈ હતી. જોકે આજે પણ એ વાત માનવાને મારૂં મન ના કહે છે. એમ કેવી રીતે વિસ્મૃતિ થાય? વિવાહિત પત્નીને કોઈ સ્મૃતિમાંથી કેમ ભૂંસી શકે? આ એ જ દુષ્યન્ત હતા, જેણે જાતજાતના શબ્દોથી મારું મન મોહ્યું હતું.... મેં તેમને મારા જન્મની કથા સંભળાવી, તેમ છતાં એમણે મારી સાથે ગાંધર્વવિવાહનો આગ્રહ રાખ્યો હતો.

હું અપ્સરાની પુત્રી છું અને રાજર્ષિ વિશ્વમિત્રનું સંતાન! છળથી વિશ્વમિત્રનું તપોભંગ કરાવીને મેનકાએ મેળવેલા આ સંભોગરૂપી વરદાનમાંથી જન્મી હું.... પિતાને હું ભારરૂપ લાગી. બેઉ જણા મને મૂકીને પોતપોતાની દિશામાં ચાલી નીકળ્યા. હું સાવ નવજાત શિશુ સ્વરૂપે વનના હિંસક પશુઓની વચ્ચે સ્વયંને સંભાળી શકું એમ નહોતી, ત્યારે શકુન્ત પક્ષીઓએ મારું પાલન કર્યું.

મહર્ષિ કણ્વ ત્યાંથી નીકળ્યા, મારું રુદન સાંભળીને એમનું હ્રદય દ્રવી ગયું. એમણે મને પુત્રી તરીકે સ્વીકારી અને મારા ઉછેરનું - પાલનનું ઉત્તરદાયિત્વ સ્વયંના શિરે લીધું.... જન્મતાં જ ત્યજાયેલી વ્યક્તિ સ્વંય વિશે શું વિચારી શકે? મારે માટે તો ત્યજાવું અને સ્વીકારાવું એ જાણે કોઈ રમત હોય એમ બનતું રહ્યું છે. માતા ત્યજે અને ઋષિ સ્વીકારે, પ્રિયતમ ત્યજે અને રાજા સ્વીકારે.... એક સ્ત્રીને વસ્તુ સમજીને એની સાથે અપમાન અને તિરસ્કારથી વર્તણૂક કરનારા સહુ દેવીની પુજા કરે છે અને સ્ત્રીને દાસી બનાવીને રાખે છે.....!

આજે જ્યારે મારા કેશ રાશિમાં રજત સળીઓ જોઈ ત્યારે એક વાત મારા મનમાં દડાની જેમ પછડાવા લાગી. જન્મ અને મૃત્યુ અફર છે, નિશ્ચિત છે - એ બેની વચ્ચે આપણે જે રીતે જીવીએ એ આપણા મનુષ્ય હોવાની ઓળખ છે. હું સ્ત્રી છું, એથી આ સમાજના નિયમો મને બાધ્ય છે. હું પત્ની છું તેથી મારા પતિને સમર્પિત રહેવું, એની સેવા કરવી એ મારું ઉત્તરદાયિત્વ છે. મારા પુત્રને મારી સાથે કઈ રીતે વર્તવું, એ વિશેના કોઈ નિયમો આ સમાજ પાસે નથી? આજે જ્યારે મહારાજ વાનપ્રસ્થમાં પ્રવેશી ચૂક્યાં છે ત્યારે મને એમને એક પ્રશ્ન કરવાની તીવ્ર ઈચ્છા થાય છે.

કદાચિત તેઓ વિસ્મૃતિને કારણે પણ મને ભૂલી ગયા હોય તોય શું એમણે મારી માફી માગવી નહોતી જોઈતી? રાજ્યસભામાં થયેલા આવા ભયંકર અપમાન પછી શું એમણે એમની પત્નીને સન્માનપુર્વક સ્વીકાર્યા પછી પોતાની ભૂલનો સ્વીકારી કરવો જોઈતો નહોતો? આટલાં વર્ષોમાં એમણે કદીયે નથી કહ્યું કે, જે બન્યું તે માટે એમને પશ્ચાતાપ થાય છે.

હું બાળ ભરતને લઈને કણ્વ ઋષિના આશ્રમે પાછી ફરી, ત્યાર પછી જ્યારે મહારાજને સમજાયું કે જે થયું છે તે ખોટું છે, ત્યાર પછી પણ એમણે ત્યાં આવીને મારી માફી નથી માગી, એમણે તો આજ્ઞા કરી હતી, એમની સાથે જવાની! ને મારા પિતાએ પણ મારા અપમાન વિષે, મારી પીડા વિષે પણ કોઈ ચર્ચા ન કરી! એમણે તો આનંદપુર્વક કહ્યું, પુત્રી તારા સ્વામી તને સ્વીકારે છે, એથી વધુ સુખની ક્ષણ મારે માટે કઈ હોય? તારા પુત્રને એનો પિતા મલે છે અને તને તારા પદનું સન્માન... જા બેટા!

મને મારા પિતાએ પૂછયું પણ નહીં કે હું એમની સાથે જવા તૈયાર છું કે નહીં. મારા સ્વામીએ, જે મારા પ્રિયતમ હતા, એમણે કોઈ રાજાની આજ્ઞા કરી, પ્રેમીની જેમ અનુનય નથી કર્યો.... હું એમની સાથે એમના રાજ્યમાં આવી તો ખરી, પરંતુ એક પત્નીની જેમ, ભરતની માતાની જેમ, મારું ઉત્તરદાયિત્વ સમજીને! દુષ્યન્તની પ્રિયતમા શકુન્તલા તો ત્યાં જ, કણ્વ ઋષિના આશ્રમમાં રહી ગઈ....

હું વૃદ્ધ થઈ રહી છું. મહારાજ દુષ્યન્તની પત્ની મહારાણી શકુન્તલા, મહારાજ ભરતની રાજમાતા શકુન્તલા વૃદ્ધ થઈ રહી છે.... પરંતુ, દુષ્યન્તની પ્રિયતમા શકુન્તલા ચિરયૌવના એની ચિર પ્રતીક્ષામાં હજી ત્યાં જ, કણ્વ ઋષિના આશ્રમમાં... વીતી રહેલા એકએક દિવસ ગણી રહી છે. એ આશાએ કે, ક્યારેક એનો પ્રિયતમ દુષ્યન્ત આવશે! એને એનું ખોવાયેલું સન્માન પાછૂં આપશે અને સ્નેહપૂર્વક સાથે લઈ જશે...

॥શ્રી આદિનાથાય નમઃ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ જિનાલયની દસમી વર્ષગાંઠ - ધ્વજારોહણ પ્રસંગે ભાવભર્યું આમંત્રણ

સંઘના સર્વે ભાઈઓ - બહેનો તથા સર્વે જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર સાથે સહર્ષ જણાવવાનું કે, શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપા તેમજ પુજ્ય ગુરુભગવંતો અને વડીલોના આશીર્વાદથી આપણા ગામના જિનાલયની **દસમી વર્ષગાંઠનો ધ્વજારોહણ મહોત્સવ સવંત ૨૦૭૧ના મહા વદ ૧૪ મહાશિવરાત્રી ને વાર મંગળવાર ના તા. ૧૭.૨.૨૦૧૫ ના શુભ દિને નિર્ધારિત થયેલ છે.**

આ શુભ પ્રસંગે સંઘના **ઉપકારી આપણા ગામના** પ.પૂ. સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. પ.પૂ.સા. દેવરક્ષિતાશ્રીજી, મ.સા. પ.પુ. સા. ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા. વૃતરક્ષિતાશ્રીજી મ.સા.ની. પવિત્ર નિશ્રામાં **ધજાના કાયમી દાતા માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર તરફથી ધ્વજા આરોહણની પાવન વિધિ શુભ મુહુર્તે સંપન્ન થશે.**

**કાર્યક્રમ : ૧. સવારના ૭ કલાકે અઢાર અભિષેક તથા સત્તરભેદી પુજા**
**૨. સવારના ૧૦ કલાકે ધ્વજા આરોહણ વિધિ**

આપણા સંઘ તરફથી સોમવાર તા. ૧૬.૦૨.૨૦૧૫ ના બહારગામથી પધારેલા ધર્માનુરાગી ભાવિકો માટે સાંજના ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે. તેમ જ મંગળવાર તા. ૧૭.૨.૨૦૧૫ ના માંગલીક દિને સવારના નવકારશી, બપોરના સાધર્મિક ભક્તિ તથા બહારગામથી પધારેલા ભાવિકો માટે ભાતાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ ધ્વજારોહણના મંગલ અવસરે સંઘના સર્વે ભાઈ - બહેનો નિયાણી બહેન - દીકરી, તથા સર્વે જ્ઞાતિજનોને પધારવા શ્રી સંઘવતી **તથા કાયમી ધ્વજાના દાતા માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર તરફથી તેમના સુપુત્રો શ્રી મહેન્દ્રભાઈ, શ્રી અશોકભાઈ અને શ્રી રાજેશભાઈ ઉરના ઉમંગથી ભાવભીનું આમંત્રણ આપે છે.**

**ભરૂડિયા ગામમાં શાભે છે, રૂડું શ્રી આદીનાથદાદાનું દેરાસર**
**પધારી આપ સૌ દીપાવજો, ધ્વજારોહણનો સોનેરી અવસર**

**એજ. લિ. : શ્રી ક.દ.ઓ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ તથા**
**કાયમી ધજાના દાતાશ્રી માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ સહ પરિવાર**

- અ.સૌ. હેમલતા તથા મહેન્દ્ર મણીલાલ દંડ
- અ.સૌ. ઉર્મિલા તથા અશોક મણીલાલ દંડ
- અ.સૌ. સંગીતા તથા રાજેશ મણીલાલ દંડ
- અ.સૌ. સંગીતા તથા કિશોર લાપસિયા
- અ.સૌ. છાયા તથા પીયુષ મહેન્દ્ર દંડ
- અ.સૌ. નિશા તથા ધર્મેશ શાંતિલાલ લાપસિયા
- અ.સૌ. પ્રિયંકા તથા નીખિલ વનરાજ ધુલ્લા
- અ.સૌ. ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ધુલ્લા
- અ.સૌ. પ્રિયા તથા વિરલ રાજેશ દંડ
- અ.સૌ. તન્વી તથા નિરજ કિશોર લાપસિયા
- સ્વ. મધુબેન રતિલાલ વાઘજી અનમ
- અ.સૌ. મનીષા તથા અલ્પેશ મહેન્દ્ર કોઠારી

ચિ. •ધવલ •હિમાંશી • નિયતિ •પ્રથમેશ •તરેન • દમીત

**ચિ. પ્રિયાંક નિખીલ ધુલ્લાના જય જિનેન્દ્ર**

## ભોજનના સામાન્ય નિયમો

ડૉ. વીરચંદ લખમશી નાગડા MBBS. - Bom મો. 09757303562

ભોજનના સામાન્ય નિયમો પાળવાથી શરીર બિમારીથી દૂર રહે છે. આરોગ્ય સારું રહે છે. પહેલો મહત્ત્વનો નિયમ ભૂખ લાગે ત્યારે જ ખાવું જોઈએ. ભૂખ લાગી ન હોય કે પહેલાંનું પચ્યું ન હોય અને આપણે ખાઈએ તો ગમે તેવો પૌષ્ટિક ખોરાક ખાઈએ તો પણ તે ઝેર સમાન છે, પ્રવાહી ખોરાક ૪૫ મિનિટ અને સોલીડ ઘન ખાદ્ય ૪ કલાક પેટ-જઠરમાં રહે છે તેથી એ સમય બાદ જ ખાવું, નહીં તો ખાધેલું પચતું નથી અને અપચો, ગેસ, એસીડીટી જેવી તકલીફો થાય છે અને આવું જો ઘણો સમય ચાલે તો ડાયાબીટીસ, લોહીમાં કોલેસ્ટ્રોલનું વધવું જેવા અનેક રોગ ઉત્પન્ન થઈ શકે. ૧૦૧ વર્ષનું આયુષ્ય ભોગવનાર ભારતના સર એમ વિશ્વસરૈયા કહેતા -'વધુ તંદુરસ્ત ને દુર્ઘાયુ થવા માટે ખૂબ ભૂખ લાગે ત્યારે જ ખાવ'

જમવાના સમયથી ૧ કે ૧/૨ કલાક પહેલાં ૧(નાની) ચમચી સૂંઠ પાવડર લ્યો. અગાઉ લેવું શક્ય ન હોય તો જમતાં પહેલાં જ સૂંઠ ખાઈ લ્યો. આદુની કતરણ, સીંધવ નમક અને લીંબુના રસમાં નાખી, કાચની બોટલમાં નાખી ફ્રીજમાં રાખો અથવા રોજ તાજી બનાવો, જમ્યા પહેલા એ લ્યો જેથી ભૂખ ઉઘડે.

જમ્યા પહેલાં હાથ વ્યવસ્થિત ધોવા જોઈએ. હાથ સાદા પાણીથી ન ધોતાં, વૈજ્ઞાનિક રીતે ધોવા જોઈએ. નળ નીચે બંને હાથ પર પાણી પૂરેપુરું પડવા દો. માત્ર આંગળીઓ જ નહીં, હાથના કાંડા સુધી નીચે અને ઉપરથી ભીંજવો અને બધા ભાગ પર સાબુ લગાડો, સાબુની બરાબર ફીણ થવા દો, ૧૫-૨૦સેંકડ ફીણ રહેવા દો. હાથ ધોવાની ઉતાવળ ન કરો. તે પછી હથેળી, આંગળીઓ અને આંગળીની ટોચને પ્રેસર આપી ઘસો, બન્ને હાથની હથેળી, આગળ પાછળ બંને બાજુ ઘસો, કાંડા સુધી... ત્યારબાદ બન્ને હાથ સંપૂર્ણ રીતે પાણીથી ધોઈ લ્યો અને સ્વચ્છ ટુવાલથી સાફ કરો. નિરોગી રહેવું હોય તો આવી કાળજી લેવી જ જોઈએ.

જમતી વખતે, ભૂખ હોવી જોઈએ એ જ રીતે જમતી વખતે ત્યાંનું વાતાવરણ શાંત અને મનને આનંદ આપે એવું હોવું જોઈએ. મનમાં કોઈના પ્રત્યે ગુસ્સો, ઈર્ષ્યા કે નિરાશા ન હોવા જોઈએ. મનમાં સારા વિચાર હોવા જોઈએ. મન આનંદિત અને પ્રફુલ્લિત હોવું જોઈએ તો જ ખાધેલું પચે અને શરીરને ઉપયોગી થાય.

જેવી રીતે જમતી વખતે મન આનંદમાં હોવું જોઈએ, સારા વિચાર હોવા જોઈએ તે જ રીતે ભોજન રાંધતી વખતે રાંધનારના મનમાં પણ સારા વિચાર હોવા જોઈએ. મન પ્રફુલ્લિત હોવું જોઈએ. તો તે ભોજનનો આરોગનારને સારો ફાયદો થાય. નહીં તો એ ગમે તેવું પૌષ્ટિક ભોજન હશે પણ શરીર પર ખરાબ અસર કરશે. આપણી જુની કહેવત છે કે 'જેનું અન્ન, તેવું મન', માટે જ બજારૂ હોટલના ભોજન કરતાં ઘરનું અન્ન સર્વોત્તમ છે. બજારૂ ભોજનથી ઝાડા, મરડો, કમળો, ટાઈફોઈડ જેવી બિમારીઓ લાગુ પડી શકે સાથે કેમીકલ, પ્રીઝરવેટીવ વગેરે પેટમાં જઈ નુકશાન કરે તે તો અલગ.

હોજરીને સૂરજ સાથે સીધો સંબંધ છે. સૂર્યપ્રકાશના અભાવમાં વાતાવરણમાં પાણીમાં સુક્ષ્મ નજરે ન દેખાય તેવા જીવો ઉત્પન્ન થાય છે. જો સૂર્યાસ્ત પછી ભોજન લઈએ તે આરોગ્ય પર અસર કરે છે. તેથી જ જૈન ધર્મમાં સૂર્યાસ્ત પહેલાં જમવાનો અનુરોધ કરાયો છે.

ભોજનનો કાળ મધ્યાન્હ છે, ભોજન ફક્ત મધ્યાન્હે કરવું જોઈએ. શાસ્ત્રોમાં બ્રહ્માએ કહ્યું છે કે '૧ વાર ખાવું અને ૩ વાર ન્હાવું' પણ આપણે એનું ૩ વાર (ક્યારેક તો આપણે એથી પણ વધુ વાર ખાઈએ છીએ) ખાવું અને ૧ વાર ન્હાવું કર્યું અને તેથી જ આરોગ્ય પર અસર થઈ. જૈન ધર્મ પણ ઉપવાસ, એકાસણા પર ભાર દે છે. તે આરોગ્ય મન સાથે પર પણ કાબુ રાખે છે રોજ એક જ વખત ખાવું શક્ય નથી. સૌ માટે તો સવારે અને સાંજે હળવું ખાવું અને બપોરનું જમણ વ્યવસ્થિત લેવું એ વાત જ માફક આવે તેમ છે. ઓછું ખાનાર (ઉણોદરી) વધુ નિરોગી વધુ લાંબુ આયુષ્ય ભોગવે છે.

જીભ દ્વારા જે અંદર જાય (ખાવાનું) અને જીભ દ્વારા જે બહાર આવે (શબ્દો) એના પર જો આપણે કાબુ ધરાવીએ તો વધુ સુખી અને નિરોગી થઈએ. હોજરી કોમળ હોય છે તેના પર અત્યાચાર ન કરીએ. વાનગીઓની વેરાયટી જોઈ આપણે સંયમ ગુમાવી બેસીએ છીએ અને રોજની સાધારણ ભોજનની સરખામણીમાં વધુ ખવાય છે જે સરવાળે નુકશાનકારક છે. (ક્રમશઃ)

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

સ્થાનિક કાર્યાલય : સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર - ૩૬૧૮૦.
મુંબઈ કાર્યાલય : C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં. ૯૯, ન્યુ યુનિક ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ,
ડૉ. આર. પી. રોડ, જવાહર ટોકિઝની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦. ફોન : ૨૫૯૩ ૯૬૯૬
E-mail : sevakbharudiatrust@gmail.com Website : www.sevakbharudiatrust.in
ashok.dand@khashbudyechem.com

## ૯મી વાર્ષિક સામાન્ય સભા

સર્વે સભ્યો જોગ,

જય જિનેન્દ્ર, આપણા સંઘની ૯મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧.૨.૨૦૧૫ ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## એજેન્ડા

**૧) ગત સામાન્ય સભાની મીનીટનું વાચન તથા તેને બહાલી.**

**૨) વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ઓડિટેડ હિસાબોને મંજૂરી આપવી.**

**૩) વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે ઓડિટરની નિમણૂંક કરવી.**

**૪) પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ થયેલ અન્ય વિષયો પર ચર્ચા વિચારણા.**

**નોંધ :** કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે. તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે. જેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

**સભાનું સ્થળ : શેઠ શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, શિશુકુંજ હોલની પાછળ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સમય :** ૧.૨.૨૦૧૫ બપોરે ૩.૦૦ થી ૭.૦૦ (ચા-પાણી તેમજ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.)

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડીટ રિપોર્ટ તા. ૨૬.૧.૨૦૧૫ થી ૩૧.૧.૨૦૧૫ દરમ્યાન બપોરે ૪ થી ૬ વચ્ચે મુંબઈ કાર્યાલયે જોઈ શકાશે. આપણા સંઘની વેબસાઈટ ઉપર પણ મુકવામાં આવેલ છે. સભ્યો ત્યાં પણ જોઈ શકે છે.

**ખાસ નોંધ :** ૧) આપણા દેરાસરની ૧૦મી ધ્વજા તા. ૧૭.૨.૨૦૧૫ ના આવે છે. તો સર્વે ગામાઈ ભાઈઓ સહપરિવાર જરૂરથી માદરેવતન પધારવા વિનંતી. સંઘ તરફથી તથા કાયમીદાતા માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર તરફથી પણ સર્વેને આમંત્રણ છે.

૨) આપણા ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓની મુદત ૩૧.૦૩.૨૦૧૫ ના પૂરી થાય છે. અગામી વર્ષ માટે નવું ટ્રસ્ટબોર્ડ બનાવવાની તૈયારી આપ સૌ સભ્યો જરૂરથી કરશો, તેમાં ચુંટણી કે તમારી પસંદગી ના કાર્યકર સભ્યોનું ટ્રસ્ટબોર્ડ બનાવી શકશો. ચુંટણીનું કાર્યક્રમ વિગતવાર સભ્યોને સમયસર જાણ કરવામાં આવશે.

**શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ સંઘ વતી,**

માનદમંત્રી - **શ્રી. સુરેશ વીરચંદ દંડ**

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ ૪ થા પાનાથી ચાલુ

શુભ શરૂઆત આગામી સમુહ લગ્નથી થશે.

અછતગ્રસ્ત અબડાસા - લખપત વિસ્તારની વર્ષો જુની પાણીની પાઈપલાઈનો બદલવા બજેટમાં જોગવાઈ કરવામાં આવી હોવાનું તેઓશ્રીએ જણાવ્યું હતું. ચાલુ વર્ષે કચ્છમાં દુષ્કાળ જેવી સ્થિત સર્જાઈ છે. જેથી સરકારશ્રીએ અર્ધઅછત અને અછતની જાહેરાત કરી લીધેલ છે. પશુધનને બચાવી લેવા પૂરા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. સમસ્ત જૈન સમાજનો આગામી સમુહ લગ્ન ભુજમાં યોજાશે તો તેનો તમામખર્ચ ભુજ ક.વિ.ઓ.જૈન મહાજન ઉઠાવશે તેવું જણાવી ઐતિહાસિક સમૂહલગ્ન યોજવાનું ગ્રુપને કહ્યું હતું.

વિદાયની ક્ષણે ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને કન્યાઓને અને વર પક્ષના વડીલોને સુખમય જીવન અંગે સમજ આપી હતી. નીલેશ પોલડીયા (બાયઠ), રતીલાલભાઈ લોડાયા, (૭૨ જિનાલય), દેવેન્દ્ર પટેલ (વરાડીયા), મહેશભાઈ લોડાયા (રાપરગઢવારી), કિશોરભાઈ લાલકા, મહેન્દ્રભાઈ ખોના (અમદાવાદ), નવિનભાઈ નાગડા (જખૌ), કિશોરભાઈ સાંચા (ભૂજ), અનીલ વી. શાહ (ભુજ), સોમચંદભાઈ મોતા, કિરણ મોતા, રાયચંદ ડાઘા (નલીયા), હીરાચંદ છેડા (વર્ધમાન નગર), લક્ષ્મીચંદભાઈ ધરમશી-(જશાપર), તિલક મોમાયા (જખૌ), અનીલ ડાઘા (સીટી સ્કવેર), પ્રેમચંદ મોમાયા (વારાપધર), સોમચંદ ધરમશી (ગુણપુરી), અશોક મૈશેરી (જખૌ), નિરંજન મોમાયા (અંજાર), ભરત જીવાણી (જખૌ), રાયચંદ જીવાણી, પદમભાઈ મોતા (ડોંબિવલી), દિનેશ દંડ-(ભાડુંપ), રામજીભાઈ ખોના (ઘાટકોપર), દિલીપ પટેલ (નલીયા), હરીશચંદ્ર જાડેજા, સાવજસિંહ જાડેજા-(વિંઝાણ), કીર્તી ધરમશી (તેરા), દિલીપ મોતા-(વર્ધમાનનગર), શ્રી ડુમરા જૈન સંઘ, નલીયા સરપંચ સતીષ ઠક્કર, કોઠારાનાં ચેતન રાવલ, પ્રભાતસિંહ જાડેજા, સાંધવના પ્રવિણસિંહ જાડેજા, અબડાસા મામલતદારશ્રી, ભુજ એપીએમસી ચેરમેન મનુભા જાડેજા તથા સાંધવ સરપંચ હુસેનભાઈ, સાંયરાના દિનેશ પટેલ, વાલજીભાઈ ખોના, બિપીન મોમાયા, પદમભાઈ લોડાયા, જલગાંવથી જવેરચંદ લોડાયા, અંજારથી નિરંજન લોડાયા, ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે કર્યુ હતું. આભારદર્શન અરવિંદ લોડાયાએ કરેલ. રજા વખતે જમાઈરાજાને વિંટી પહેરાવવાનું કાર્ય ગ્રુપના કાર્યકરોએ કરેલ. વર-કન્યાના પક્ષના વડિલોની ઉપસ્થિતિમાં રજાની વિધિ કુસુમકાંત લાલકા, વિરચંદ ખોના, પ્રવિણ મોતા, મનોજ ખોના એ કરાવી હતી. ગુલાલ છાંટવાની વિધી ચેતન ખોના તથા જયાબેન મુનવરે કરેલ. ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈન તથા ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલે સમુહલગ્નના દાતાશ્રીઓ તેમજ કન્યાદાનના દરેક દાતાશ્રીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. કન્યાદાનમાં દરેક દાતાશ્રીઓ તરફથી કબાટ, સોના-ચાંદીની આઈટમો, પ્રસંગોના ખોંભાના છાલ, ચણીયાચોલી, પાનેતર, અલગ પ્રસંગોના કન્યાના - વરરાજાઓના કપડા, સ્ટીલના વાસણો ટોટલ ૨૬૫ આઈટમો કન્યાદાનમાં આપવામાં આવેલ. જાનૈયા-માનૈયા ગામવાસીઓ આમંત્રિત મહેમાનો લગ્નદિવસે ૧૨૦૦થી વધારે માનવ મેહરામણ ઉપસ્થિત રહેલ.

ગ્રુપના મહેશ નાગડાએ વર્ષ ૨૦૧૪ના ચાર્તુમાસ દરમિયાન દેશભરમાં બિરાજમાન અચલગચ્છીય સાધુ-સાધ્વીઓના દર્શન કર્યા. તે નિમિત્તે ગ્રુપ તરફથી તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.

સમગ્ર સમુહલગ્નોત્સવનએ સફળ બનાવવા ગ્રુપના મહામંત્રી કિરણ દંડ, વિપુલ પટેલ, કુસુમકાન્ત લાલકા, અરવિંદ લોડાયા, વીરચંદ ખોના, પ્રવિણ મોતા, ચેતન ખોના, હેમંત મોતા. લક્ષ્મીચંદ દંડ, મુકેશ દંડ, હીરાચંદ કુરૂવા, વીરેન્દ્ર લોડાયા, નીતીન ધરમશી, વિપુલ ધરમશી, મનીષ પીર, મનોજ ખોના, હિતેશ પટેલ, ભરત ખોના, મહેન્દ્ર મોતા, વિનોદ લાલકા, જયેશ લાલકા, શાંતિલાલ લાલકા, રતીલાલ ધ્રોળ, ચન્દ્રેશ સોની, ખુશાલ મૈશેરી, કીરીટ લોડાયા, કેતન દંડ, ભદ્રીક મૈશેરી, રાજેશ પટેલ, ખીમજી મૈશેરી, તારાચંદ વીકમાણી, જવેરચંદ ધરમશી, રાજેશ લોડાયા, દીનેશ લાપસીયા, હરીશ શિયાળ, ગુલાબ મોતા, વર્ધમાન લોડાયા, લલીત લોડાયા, ખીમજી મૈશેરી, રાજેશ દંડ, મહેશ નાગડા, પારસ ધરમશી, ચેતન પીર, કપીલ મોમાયા, ભગુભા ગોહીલ, રાજેશ મૈશેરી, મંગલ મોતા, મંગલ લાલકા, સુથરીના વાલજીભાઈ ધરમશી, જીજ્ઞેશ છેડા, કુલીનકાંતભાઈ કારણી, ગીતાબેન કારાણી, શૈલેશ રાજગોર, વિજયાબેન પટેલ, જયાબેન મુનવર, ગીતાબેન લોડાયા, અમીતાબેન મોમાયા, જાગૃતિબેન મૈશેરી, વિમલાબેન મૈશેરી, રસીલાબેન ખોના, મીનાબેન દંડ, કસ્તુરબેન લોડાયા, ધનબાઈ લાલકા, જોશનાબેન દંડ, મીતાબેન નાગડા, મીઠીબાઈ દંડ, જયાબાઈ સોની, નયનાબેન મોતા, નિર્મલાબેન મોમાયા, કલ્પનાબેન મોતા, તરલાબેન લાલકા, કલ્પનાબેન લોડાયા, રેખાબેન લોડાયા, ગુણવંતીબેન મોતા ખુબ જહેમત ઉઠાવેલ.

**જયેશ જૈન (અધ્યક્ષ) મુંબઈ**
**ગોવિંદજી પટેલ (ઉપાધ્યક્ષ)**
**શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

## અભિપ્રાયઃ અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની ચુંટણીઓ

હાલમાં યોજાયેલ ઉપરોક્ત ચૂંટણીમાં જો મતદાન થાત તો પરિણામ કેવા આવતે તેનો વિચાર કરીએ તો ગરિમા પેનલની બહુમતી તો પાકી જ હતી કારણ કે ઉમેદવારી પત્રક જ ઓછા ભરાયેલા હતા અને અમુક ઉમેદવારો ડમી હતા.

પાછલી ચુંટણીઓનો અનુભવ એ છે કે પ્રચારમાં સકારાત્મક અભિગમ કરતાં ચરિત્ર હનન અને કાવા દાવા જ વધારે હોય છે, અનંત યુવા શક્તિની ટીમે અર્થ શક્તિનું સામ્રાજ્ય સ્થાયેલું એમાં સનિષ્ટ કાર્યકર્તાઓ હાંસીયામાં ધકેલાઈ ગયા હતા.

ચુટણીઓ ના થઈ એમાં હરખ સોસ કરવા જેવું કંઈ નથી, ઉલટાનું જ્ઞાતિના પૈસા અને સમયનો વ્યય થતો અટક્યો.

નવી ટીમનો કાર્ય કાળ શુરુ થવામાં હજી ૩ મહિનાની વાર છે તો એમનું જાહેરનામું યોગ્ય સમયે બહાર આવશે એવી આશા રાખવીજ રહી.

**એક જ્ઞાતિજન મુંબઈ**


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ





**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)**

**માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)**

**કન્યા છાત્રાલયની દિકરીઓ માટે હરવર્ષની જેમ આ વર્ષે પણ**

**ધાર્મિક સહ મનોરંજક યાત્રા પ્રવાસનું**

**આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનનો સંપુર્ણ લાભ**

**માતુશ્રી સરોજબેન તેમજ પિતાશ્રી માણેકજી રૂપશી લોડાયા ના**

**(ગામ મોટીખાવડી, હાલ જામનગર)**

**સુખી લગ્નજીવના ૫૦ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં તેમના**

**સુપુત્ર ચિ. સુનીલ તેમજ પુત્રવધુ અ.સૌ. ચિ. જ્યોતિએ લીધેલ છે.**

**સ્થળો : મહુડી, અક્ષરધામ, કોબા તીર્થ, અમદાવાદ સાયન્સ સીટી તથા ફરવાના સ્થળો, લોથલ, ચોટીલા, નાગેશ્વર તીર્થ વગેરે**

**તા. ૧ થી ૪ જાન્યુઆરી ૨૦૧૫**

## કચ્છના રણ રસ્તા ઘડુલી - સાંતલપુર હાઈવેને પર્યાવરણ મંત્રાલયની બહાલી

કચ્છના વરસોથી અટવાયેલા મહત્વાકાંક્ષી ઘડુલી - સાંતલપુર ધોરીમાર્ગના પ્રોજેક્ટને કેન્દ્રના પર્યાવરણ મંત્રાલયની વન્યજીવન સમિતિ દ્વારા લીલીઝંડી મળી ગઈ છે.

લખપત તાલુકાના ઘડુલીથી બનાસકાંઠાના સાતલપુરને જોડતા ૨૫૫ કિલોમીટર લાંબા સૂચિત માર્ગમાં હાજીપીર, ખાવડા અને હડપ્પન વસાહત ધોળાવીરાને આવરી લેવાશે.

ઉચ્ચ સૂત્રોના જણાવ્યાનુસાર વાઈલ્ડ લાઈફ પેનલે પાકિસ્તાનની સરહદે આવેલા કચ્છમાં વ્યુહાત્મકનો જોતાં રાજ્ય હાઈવેના માર્ગને લીલીઝંડી અપાઈ છે. આ માર્ગમાં ઘુડખર અભયારણ્ય અને ચેરિયાંને નુકસાન ન થાય એ માટે વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા સાથે ચર્ચા કરીને એ પ્રમાણે માર્ગની ડિઝાઈન તૈયાર કરાશે. ઘડુલી - સાંતલપુર હાઈવેથી કચ્છ દેશની નજીક આવશે તો પર્યટનને પણ વેગ મળશે.

**- સંકલન : લબ્ધી કુમાર મોમાયા**

### શ્રી શાંતિજિન ગ્રુપ દ્વારા સગપણ સંમેલન

શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ મે કે જૂન ૨૦૧૫માં સગપણ સંમેલન યોજવા માટેનું આયોજન કરી રહ્યું છે.

આ સગપણ સંમેલનમાં ક.દ.ઓ.જૈન જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતિ ઉપરાંત અન્ય સંસ્કારી સમક્ષજ્ઞાતિની કન્યાઓનો સમાવેશ આવશે.

વધુ વિગતની જાહેરાત પ્રાથમિક તૈયારી થયા પછી કરવામાં આવશે. શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપે વર્ષ ૨૦૦૫માં કરેલ સગપણ સંમેલનના આયોજનને જોરદાર સફળતા મળી હતી. તે વખતે તેમાં ૫૦ સગપણ થયા હતા, જેમાંથી ૩૦ જોડકા ગ્રુપના ૯ માં સમૂહ લગ્નમાં જ્યારે એક સાથે ૫૧ યુગલમાં લગ્ન થયા ત્યારે તેમાં જોડાયા હતા.

### શ્રી શાંતિજિન ગ્રુપ દ્વારા આવતા વર્ષે સમસ્ત જૈન સમાજના સમૂહ લગ્નોત્સવ

શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ દ્વારા આવતા વર્ષે તા.૧૩.૧૨.૨૦૧૫ના ભુજ ખાતે બે દિવસીય સમૂહ લગ્નોત્સવ યોજાશે.

ભુજ ક.વિ.ઓ.જૈન મહાજન આ ઐતિહાસિક સમૂહ લગ્નોના મુખ્યા દાતાશ્રીની ભૂમિકા ભજવશે એમ તે મહાજનના આગેવાન અને ગુજરાત રાજ્યના પ્રધાન શ્રી તારાચંદ છેડાએ ગ્રુપમા વર્ષ ૨૦૧૪ના સમૂહ લગ્નમાં પ્રસંગે જાહેરાત કરી હતી.

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ નમોનમઃ**
**વાછરાદાદા નમો નમઃ**

### વાછરાદાદાના પ્રતિષ્ઠાહોત્સવ નિમિત્તે આમંત્રણ

મૂળ સુખપર (સાંઈધ) ગામમાં વસતા અને ત્યાર બાદ નલીયા-તેરા-જખૌ તેમજ અન્ય ગામોમાં વસેલા ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનોને તેમજ તે પરિવારોની નિયાણીઓનો વૈશાખ વદ ૧૧ તા.૧૪.૦૫.૨૦૧૫ના સુખપર ગામે યોજનાર વાછરાદાદાના નવનિર્મિત મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારવા માટે ભાવભર્યુ નિમંત્રણ છે.

**નિમંત્રક :**

**હેમંત શામજીમોતા : 09370710891**
**જીતુભાઈ વિશનજી ખોના: 09820727978**
**નેણશીભાઈ ભાનુશાલી: 09320218970**

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

# MIND CLEANSING

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

Functioning and the speed of my lap top had become very slow. The expert in my office told without looking at anything else that I have accumulated 3472 Mails in my inbox. That is the only reason for the inefficiency of the lap top. I screened the mails in the inbox and deleted most of them. Some were grouped. For some a separate file was created. After the exercise the inbox had less than 100 mails. The speed and the functioning of the lap top automatically improved drastically. I wondered why I didn't delete the mails regularly. May be screening and deleting needs time or a vague idea that you may refer to this mail at a later date, which never comes just similar to our experience with many stored household goods.

As I was spring-cleaning my inbox, it occurred to me that we human beings ought to do the same cleansing with our mind as well because it is the most complex and sophisticated computer. We tend to store and carry a lot of unwanted thoughts and emotions and they actually affect the way we lead our life. Negative comments, casual remarks, impact our feelings and thought patterns. It could be some random person on the road who passed a comment about your driving, a cheeky auto driver or even your loved one at home. Often we tend to process and store those silly remarks and get upset over them. What runs us down more than what was said id "how could he say it?" The mercury soars for a while and then it drops; the time taken for it to drop, however, varies from person to person.

Cluttered mind affects the clarity of understanding and decision making. In a school class room the first lecture was of maths. The teacher solved few sums on the black board. The board couldn't be cleaned as the duster was missing. Hence the workings remained. The next class was of English grammar. The teacher wrote passive and active sentences in the available place on the black board. After four classes the black board was like a jig saw puzzle with mixed up figures, letters and sketches and nothing could be understood. With constant happenings our mind attains the same status. Our judgments get based on wrong or irrelevant facts because of too much of data and information jam.

Further, for most of us reading news paper/s in the morning is a must. And what we mostly get to read in the news paper is the news of theft, dacoity, rapes, murders, scams, wars, dishonesty etc. Consequently, our day starts with a negativity. Such negative news only enhance our stock of negative feelings which get reflected in our behaviour adversely. Hyped and sensationalised TV news or the company of negative people have also similar effect. When such a garbage goes in the mind, its output is no better.

We need is a sensor in place, which detects whether a comment is even worth processing. If it is poorly articulated critique, but uttered with well-meaning intentions, it can be accorded space. But remarks can sometimes be baseless, springing out of momentary irritations and frustrations, and ought to be deleted then and there, without any further processing. The pages giving negative news may be skipped. You may surround yourself with friends and colleagues with positive attitudes. Reading books of your choice is also a step in right direction. Ten minutes of meditation during midday cleanses the superfluous items which happened in the first half of the day and brings freshness to our mind.

Clear the inbox of the mind with the stale thoughts and stinking emotions. Check for viruses and delete spam. These applications need to be used often. If the mind remains filled and occupied like in Zen and Sufi stories, it becomes stagnant with no scope of progress. Your life is shaped by the quality of your thoughts. So by this process improve your thoughts and improve your life.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન ®
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જ્ઞાતિ ઉત્કર્ષ માટે સતત વિચારણા કરી લેખો લખતા તથા જ્ઞાતિની યુવા પેઢીને વ્યક્તિગત અને જાહેર જીવન માટે તૈયાર કરવામાં અમુલ્ય ફાળો આપનાર શ્રી તિલકચંદ લોડાયા ચેન્નઈ ને નવલા વિચારોના સંકલનના 'ટી વીથ તિલકચંદ' પુસ્તકના પ્રકાશન નિમિત્તે ખૂબ ખુબ અભિનંદન. ***તન - મન પરિવાર***

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI ™
Continental
MADHUBAN - JHARKHAND

# TEEN TWINKLE

Compilations And Contributions by

Mrs. Neelam Dalesh Momaya M/s. Damji Bhimji Co, Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Why am I a Vegetarian**

The modern world is discovering through a slow and painful process that all forms of earth are interlinked. When we destroy forests or even insects, we do harm to ourselves, for unknowingly we bring about a change in climate or add to the pollination, thus bringing about circumstances adverse to our own wellbeing. But slowly ecological thought is turning towards non destruction and vegetarianism. Ancient people, knew the truth of the unity of life intuitively. They advocated a non destructive way of life indicated by the single word ahimsa. I realize the precious nature of life in whatever form it exists, however insignificant the creature may be. The thought infuses the mind with a sense of care, kindness and love for all God's creatures. For me it is the only reason for being a vegetarian.

Millions of people in India have been vegetarian for generations and centuries and remained healthy - physically and mentally with spiritual wisdom. The land of Ahimsa naturally produced the Upnashidic seers, the Buddha, Mahavira and a n unparalleled number of mystics and holy men. Even now men look on India as the motherland of spirtituality. It is interesting to note that, any distinguished persons who had experienced spiritual up-liftment, naturally turned to be vegetarian. These include persons like Shelly Wagner and Charlotte Bronte whose background was against vegetarianism, but none- the less, they chose it. for there is a close link between non- killing and opening of spiritual vision of religious insight.

Formerly, when people needed meat, they killed the animal. Today animals are killed 'enmasse' to create a marker. The poor creatures are kept in atrociously unnatural conditions, miserably confined, artificially fed and medicated and ill- treated everyday.

The devotions and joy expressed on the return of the master, fear when threatened, pain and even tears when injured are the evidence of feelings expressed by all animals. All these are visible to the eye of every person who does not deliberately shut his eyes. Why should we deny to the animal the right to live which we claim for ourselves, the opportunity to be free and happy, which we take as our birth right? They too are children of the universal creative force, the one mother of all.

I believe that the way to well being does not lie in promoting one's own satisfaction by causing suffering to other creatures, human beings, animals, birds or anything else. Every avoidable hurt should be given up, no conscious injury should be done to another. Then, Nature's law of cause and effect will by itself bring what is a good. Because so many people now violate that law, there is increasing hardship and suffering.

The modern world is full of violence, tensions, immortality and selfishness is the product of wrong ideas Human beings who are training themselves to be indifferent to suffering, and brutal in their thinking will inevitably act with utter callousness in relation to their own kind which is what we see now. Violence and aggression are on the increase everywhere. The gentle way of life, sympathy and sensitivity to the wellbeing of every creature and an appreciation of life's sacredness are necessary to build a peaceful and good civilization.

**Proverbs are lamps to life**

A peace that depends on fear, is a suppressed war

**One man sows and the other reaps.**

The more one gives genuine love to others, the more he expands his consciousness.

**Amazing facts**

Gorillas are vegetarians, feeding mainly on fruit, leaves roots and even tree barks.

***rodents are the fastest breeding creatures of all animals. A pair of rats can have almost a hundred offsprings in one year. Females can fertilize when they are 6 weeks old.

***Orangutan is called the 'man of the woods' by malay speaking people.

**Amazing figures**

The largest desert on earth is the sahara of north Africa. It covers 9,65,000 sq kms and extends from Atlantic Ocean to Red sea. It is as large as the entire united States.

***according to experts if an iceberg ,90 kilometres long and 35 kilometres wide and 400 metres thick can be towed from the antartic continent to the east coast of the USA, it can supply all the fresh water needs of Washington D. C for the next 100 years.

**sun's energy is as much as would be produced by burning 50,000 times the amount of coal which is dug out from a mine every year. The energy from the sun in one year is sufficient to melt a layer of ice 90 feet thick, covering the whole world.

**The lighter side of life**

A psychiatrist met a friend and exclaimed, '1 heard you died'. I BU you see I am alive', smiled the friend.

'Impossible', said the psychiatrist, 'the man who told me is much more reliable than you.

**—Think over it ....**

The least pain in our little finger gives us more more concern and uneasiness, than the destruction of millions of our fellow beings.

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી કુમઠા તિર્થે પોષ દસમની આરાધના

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના ગૌરવ સભા શ્રી કુમઠાતીર્થે શ્રી હુબલી એવં શ્રી ગદગ ક.દ.ઓ. મહાજનના સંપૂર્ણ સહકારથી શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના. સુશિષ્યા પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશૂશ્રીજી મ.સા.ની નિશ્રામાં પોષ દસમની ત્રિદિવસિય અપૂર્વ આરાધના થઈ.

કુમઠા - હુબલી - ગદગ - શિરસિ - લોકાપુરથી તપસ્વીઓ સારી સંખ્યામાં આરાધનામાં જોડાયા હતા. પ્રથમ દિવસેશ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ અભિષેક, બીજા દિવસે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા સાથે જન્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો ત્રીજા દિવસે સંગીતમય સમુહ જાપ કાર્યક્રમ સાથે તપસ્વી એવં દાતા પરિવાર તથા સહયોગી પરિવારોનું બહુમાન કરવામાં આવેલ. પાંચ દિવસીય રસોડાની વ્યવસ્થા ગદગના સુશ્રાવક સંજયભાઈ ઠાકરશી મોતા અને મંડળીએ સંભાળી. સમયે સમયે તપસ્વી, પધારેલા મહેમાનો તથા સાધર્મિકોની સુંદર ભક્તિ કરી. તપસ્વી એવં સાધર્મિક ભક્તિનો લાભ શ્રી પ્રજેશભાઈના જન્મદિવસ નિમિત્તે માતુશ્રી ઈન્દુબાઈ વિરચંદ નારાણજી કાનજી પરિવારે (નલિયા) હુબલીવાળાએ લીધેલ.

ત્રિદિવસીય ભક્તિ મહોત્સવનો લાભ માતુશ્રી લીલાવંતીબાઈ નારાણજી શામજી હસ્તે યશપાલભાઈ મોતા (રાપરગઢ) હાલ હુબલીવાલાએ લીધેલ. પરમાત્મ ભક્તિની અદભુત રમઝટ ગદગની ભક્તિ મંડળીએ જમાવી સહુને ભક્તિમાં તરબોળ કર્યા.

હુબલીથી કુમઠાતીર્થે આરાધકોને લાવવાના અને પાછા હુબલી પહોંચાડવાનો સંપૂર્ણ લાભ માતુશ્રી રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા હસ્તે શરદભાઈ (વરાડીયા) હુબલીવાળાએ લીધેલ છે.

તપસ્વીઓના તથા અન્ય સર્વ બહુમાનનો લાભ માતુશ્રી પ્રમિલાબેન દામજી નથૂભાઈ દંડ હસ્તે વિહાન પ્રતિક દંડ (ભંજલ રેલડીયા) અંધેરી વાળાએ લીધેલ.

પાર્શ્વ પ્રભુનો જન્મ મહોત્સવ ભાવોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો. સૌધર્મેન્દ્ર - ઈન્દ્રાણી બની પ્રભુજીને મેરુપર્વત ઉપર લઈ જઈ પ્રથમ અભિષેક કરવાનો તેમજ પ્રભુજીને સોના રૂપાના ફુલડે તથા મોતીથી વધાવવાનો લાભ શ્રી પ્રેમચંદ હંસરાજ ડાઘા (વરાડીયા) કુમઠા પરિવારે લીધો.

## ખામગામવાસીઓનું મુંબઈમાં સ્નેહમિલન

મુંબઈ તથા બહારગામ વસતા ખામગામ વાસીઓનું સ્નેહમિલન મુલુંડ મધ્યે રવિવાર તા.૨૩.૧૧.૨૦૧૪ના કાલીદાસ કાફેટેરીયા કેન્ટીનમાં રાખવામાં આવેલ હતું. તેમાં મૂળ ખામગામવાસીઓ તથા નિયાણીબહેનો મળીને ૨૪૦ જણની હાજરી હતી.

શ્રી નરેન્દ્રભાઈ ગડાએ વિવિધ વિષય ઉપર બહુજ સારી સમજ આપી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી દેવબાલા નાગડા તથા વિનોદ મોતાએ કરેલ. સ્નેહમિલનનો ખાસ ઉદેશ મુંબઈમાં વસતા ખામગામવાસીઓ એકબીજાને મળી પરિચય કેળવે તે હતો.

કાર્યક્રમની સફળતા માટે મુંબઈમાં વસતા શ્રી નરેન્દ્રભાઈ દંડ, શ્રી પંકજભાઈ કાયાણી, શ્રી રસીકભાઈ લોડાયા, શ્રી વિનોદ મોતા, શ્રી અનિલભાઈ નાગડા, શ્રીમતી શોભાબેન મૈશેરી,


શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર
• બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨.
Tel. : 22413995 / 22402786
સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.)
કિંગ સર્કલ, મુંબઈ -૧૯ ફોન નં-2404 3995/93222 58574

શ્રીમતી મિનલબેન ભરત ખોના અને શ્રીમતી સુરેખાબેન ઉલ્લાસ મોતાએ આર્થિક સહયોગ આપેલ.

ખામગામથી શ્રી પ્રફુલભાઈ દંડ, શ્રીમતી રશ્મિબેન દંડ, શ્રી રવિન્દ્ર લોડાયા, શ્રી અજયભાઈ દંડ અને શ્રીમતી જયાબેન ગંગાજર નાગડા તથા અંકલેશ્વરથી શ્રી ચીમનભાઈ દંડ અને શ્રી હરીશભાઈ દંડ પધારેલ હતા. શ્રી રેણુકાબેન લોડાયાએ આભાર વિધિ કરેલ.

## ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળની ચુંટણીઓ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડનાં કાર્યવાહક સમિતીના ૧૨ (બાર) સભ્યોની ચૂંટણી વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ એમ ત્રણ વર્ષ માટે રવિવાર ૨૨.૦૨.૨૦૧૫ ના રોજ સવારના ૧૦.૩૦ કલાક થી ૧૨.૩૦ કલાક વચ્ચે મંડળના કાર્યાલય શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવ પૂંજ, કસ્તુરબા રોડ, મુલુંડ વેસ્ટ મધ્યે યોજવામાં આવશે. તેની વધુ વિગત માટે કાર્યાલયનું નોટીસ બોર્ડ જોવું.

## સાંધવ ગામની પહેડી

સાંધવગામની પહેડીઓ તા. ૧૨.૪.૧૫ રવિવારના જૈનમ હોલ ગ્રાઉન્ડ ફ્લોરમાં લાલછતાપીરની પહેડી સવારના ૧૦ કલાકે તથા વાછરાદાદાની પહેડી બપોરના ૩.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

સાંધવ ગામવાસીઓ અને નિયાણીઓને આમંત્રણ છે.

**સુધારો** : **સાંધવ સ્નેહમિલન**માં (અંક ૫૨ પાના નં. ૧૪ઉમેરવું) કચ્છી ગજીઓ ડાન્સ રજુ કરનાર : શીલ્પા દંડ, હેતલ પટેલ, પ્રિયા પટેલ, એકતા દંડ, કાજલ લોડાયા, મિનલ પીઠડીયા, તેજલ ખોના અને મિતલ લોડાયા.


કચ્છમાં ગામ બારોઈ, ગોએરસમા અને લુણી મધ્યે જમીન, મકાન, તેમજ વાડા ઉપર તમારા કબજા બાબત કોઈપણ મુંઝવણ હોય તો અમને મળો. યોગ્ય માર્ગદર્શન યોગ્ય વ્યવહાર.

મો. 9595303570


## સખી વૃંદ-પુના

સખીવૃંદ પુનાની મિટીંગ તા.૬ ડિસેમ્બરના વાસંતીબેન શાહના ઘરે યોજાઈ. વિષય હતો 'માનસશાસ્ત્ર-મહિલા સંદર્ભે' એ માટે વાસંતીબેને નિષ્ણાંત સાયકોલોજીસ્ટ પારૂલબેન ખોનાને આમંત્રિત કરેલ. પારૂલબેન તે એ પંદર વર્ષથી પુનામાં કાઉન્સીલીંગ કરે છે. એમણે મેનોપોઝ પહેલા અને પછી, રીલેશનશીપ, રીટાયરમેન્ટ જેવા વિષય પર સરસ વક્તવ્ય રજૂ કર્યુ.

## જીવન જીવવાની ચાવીઓ

● પોતાને પ્રેમ કરો ● નકારાત્મક વિચારો દૂર કરો ● આત્મવિશ્વાસ કેળવો ● જેવા છીએ એવા પોતાને અને બીજાને સ્વીકારો ● કોઈને દોષ ન આપો ● સંબંધો જાળવવા બાળકને નાનપણથી જ કેળવો. ● જીવન એક કળા છે. એના માટે સમજણ અને અધ્યાત્મિકતા કેળવવી જોઈએ. ● કુટુંબ સાથે રહેવા બાંધછોડ કરો ● આશા અપેક્ષા બહુ ન રાખો ● મેનોપોઝનો હાઉ ન હોવો જોઈએ. પરિવારના સભ્યોને સમજાવી, સાથ આપવા જણાવો. એની તકલીફ ઓછી કરવા ખટ્ટસ તો તમે વ્યસ્ત રહો, સકારાત્મક વિચારો અપનાવો, સ્વીકારો, હસો અને ખુશ રહો, એ ઉત્તમ દવા છે. ● અંતિમ સત્ય મૃત્યુ, એ નિશ્ચિત છે એનો ડર ન રાખો. ● સ્વીકાર કરો ● વ્યસ્ત રહો ● જિંદગીને રસીક બનાવવા રોજ કંઈક નવું કરો ● પોતાની સમસ્યાનો જાતે નિકાલ લાવો ● સકારાત્મક સ્વીકાર ધરાવો ● જાગ્રત રહો ● પ્રેમભાવ કેળવો ● જીંદગીમાં કંઈક ગોલ રાખો ● બીજાને મદદ કરો. ● ધ્યાન કરવાથી આવતો જનમ આપની ઈચ્છા મુજબ મેળવી શકાય છે. એના માટે જરૂર કોશિશ કરો.

***- પારૂલબેન ખોના, માનસ શાસ્ત્રી***

***સખીવૃંદ પુનાના કાર્યક્રમમાં આપેલ વક્તવ્યના મુખ્ય મુદ્દા***

**-: લગ્ન સંબંધી :-**

**મુંબઈ સ્થિત,**

**જન્મ : ૧૯૭૬, ઉંમર :** ૩૭ વર્ષ, **ઉંચાઈ :** ૫'૪",
**શિક્ષણ :** B.Com , કુંવારા, સ્વતંત્ર ધંધો કરતા યુવકને કુંવારી કે છૂટાછેટા લીધેલ કન્યાના વડીલો સંપર્ક કરે.: **મનીષ સોનાવલા મો.** 09833240493
ફોન: 022- 25917924 E: manish.shah2012@yahoo.in

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પારસ લહેરચંદ નાગડા** | ૧૫૦૧, સિલ્વર હાઈટ્સ, એસ.એન.રોડ, તાંબે નગર, શાંતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની સામે, મુલુંડ (પ) મુંબઈ -૪૦૦ ૦૮૦. |
| **ઉન્નતિ વિરેન એન. નાગડા** | ૪૦૨, રેગલિયા, કાસા રોયલ, લોઢા, સાકેત રોડ, બલકમ પાડા-૩, થાણે (પ) - ૪૦૦ ૬૦૮ |
| **વરૂણ ભરત ધરમશી** | પાલ્મ ગ્રીન અપાર્ટમેન્ટ, ફ્લેટ નં ૪૬, ૪થા માળે, પ્લોટ નં ૩ એ, સેક્ટર ૧૧, દ્વારકા, ન્યુ દિલ્હી - ૧૧૦૦૭૫ |
| **કિરણ લાલજી દંડ** | એ-૫૦૪, પ્રથમેશ વ્યુ રેસીડેન્સી, સીએટ ટાયર કંપની ની સામે, નાહુર વિલેજ રોડ, નાહુર (પ)મુબંઈ -૪૦૦ ૦૭૮ |
| **નિતિન કે.શાહ(લોડાયા)** | ‘વિનીત’ ઓલ્ડ નં ૧૬, ન્યુ નં.૨૬, એસ.આર.પી.નગર સેકન્ડ ક્રોસ, સાઈબાબા કોલોની પોસ્ટ, કોઈમ્બતુર - ૬૪૧૦૧૧ તામિલનાડુ |
| **અનિલ ડી.ડાઘા** | ૧બી, ધ મેરૂ મારવેલ, ૧૦/૧૩, વસંથમ નગર, આર.કે.નાયડુ લેઆઉટ એક્સટેન્સન, વેન્કીટાપુરમ પોસ્ટ, કોઈમ્બતુર - ૬૪૧૦૨૫ |
| **અક્ષય નરેન્દ્ર લોડાયા** | એ-૭૦૩, ભૈરવી કુઝ લકઝર, ચેલલેકર મેઈન રોડ, કલ્યાણ નગર, બેંગલોર - ૫૬૦૦૪૩ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **દેવેન્દ્ર કે.મોમાયા** | **09926093194** | **જ્યોતિ ડી.મોમાયા** | **09754460515** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૧૧.૧૪ | મુલુંડ | ફેલીશા-હેમાલી/રીતેશ હિરાચંદ દંડ | લાલા | પુત્રી |
| ૧૬.૧૨.૧૪ | એરોલી | પ્રિંયાશ-બિજલ/ભાવિક કેતન દંડ | પરજાઉ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૧૨.૧૪ | ડોંબિવલી | દિપેશ નવિનચંદ્ર દામજી મૈશેરી | લાલા | ૨૮ |
| | વરાડીયા | ધારા વસંત કુંવરજી મોમાયા | વરાડીયા | ૨૨ |
| ૧૪.૧૨.૧૪ | જલગાંવ | જિનેશ ધનરાજ વાલજી મોતા | સુથરી | ૩૨ |
| | કંક્રોલી | નેહલ માણેકજી ધનજી દંડ | લાલા | ૨૯ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૧.૧૪ | ઘાટકોપર | મૌનિક વિજય મોતીલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૫ |
| | ઘાટકોપર | જીનલ રાજેશ રામજી ગાલા | દેવપૂર | ૨૪ |
| ૨૩.૧૧.૧૪ | મુલુંડ | અનિરૂધ્ધ મુકુલેશ લક્ષ્મીચંદ મેઘાણી (ખોના) | રંગપૂર | ૨૪ |
| | મુલુંડ | અમી ખાંતિભાઈ શાહ | જેસર | ૨૩ |
| - | ડોંબિવલી | જીગ્નેશ વિનોદ ગાંગજી લોડાયા | મોટી ખાવડી | ૩૦ |
| | વિરાર | ભાવિકા ખાંતિલાલ મુળજી શેઠ | પાલીતાણા | ૨૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૨.૧૪ | ડોંબિવલી | જીનેન તિલક કુંવરજી લાલકા | બાંઢીયા | ૨૫ |
| | મલાડ | અંજલિ હરીશ ગોંવિદજીધુલ્લા | બાંઢીયા | ૨૩ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૧૨.૧૪ | મલાડ | નિરવ શશીકાંત કાનજી સાવલા | વડાલા | ૨૬ |
| | મુલુંડ | રશ્મી વસંત કેશવજી માલદે | દલતુંગી | ૨૬ |

## જલગામ ક.દ.ઓ.નો ખેલોત્સવ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સમાજ જલગાવમાં કે.ડી.ઓ ખેલોત્સવનું આયોજન રવિવારને તા.૧૪.૧૨.૨૦૧૪ના રોજ જૈન સ્પોર્ટસ એકેડમી જલગાવના મેદાન પર થયેલ.

આ ખેલોત્સવમાંની ક્રિકેટ ટુર્નામેન્ટ તથા વિવિધ પ્રકારની રમતોમાં સારી સંખ્યામાં હાજરી આપી અને સારી સંખ્યામાં ભાગ લઈ બધા જ્ઞાતિજનોએ ખેલોત્સવનો આનંદ માણ્યો. ક્રિકેટમાં લગભગ ૭૨ ખેલાડીઓ ભાગ લીધો હતો. એમની સ્પોન્સર ઓનરના નામોના આધારે લોડાયા લાયન્સ - શ્રી લલીતભાઈ વર્ધમાન લોડાયા, ખોના લેમેક્સીયન - શ્રી નવીનચંદ્ર ચંદુલાલ ખોના, સોની સુપ્રીમો - શ્રી જયેશભાઈ નારાયણજી સોની, માયા ચેલેન્જર્સ - શ્રી હેમંતભાઈ ચત્રભોજ માયા એમ ચાર ટીમ બનાવવામાં આવી.

ચારેય ટીમને એકમેક સામે મુકાબલો થઈને ફાઈનલમાં ખોના લેમેકસીયન અને લોડાયા લાયન્સ આમને સામને હતા. લોડાયા લાયન્સની ટીમના ખલાડી ચી.સિધ્ધાંત પોલડીયાએ છક્કા-ચોક્કા મારીને સૌના દિલ જીતી લોડાયા લાયન્સ ટીમને વિજયી બનાવી.

૧૨ થી ૩૦ વર્ષ વયજૂથમાં ચિ.સિધ્ધાંત રાજેન્દ્રભાઈ પોલડીયા મેન ઓફ ધ સીરીઝ બન્યા. ૩૧ થી ૫૦ વર્ષ વયજુથમાં રૂપેશ નરેન્દ્રભાઈ લોડાયા તથા ૫૦ વર્ષથી ઉપર વયજુથમાં શ્રી જીતેન્દ્રભાઈ વાલજીભાઈ ખોના મેન ઓફ ધ સીરીઝ બન્યા તથા બેસ્ટ બેસ્ટમેન ધર્મેશ શાંતિલાલભાઈ ગોસર તથા બેસ્ટ બોલર ચિ.તીર્થ રાજેન્દ્રભાઈ પોલડીયા જાહેર થયા.

આ ખેલોત્સવમાં વયજુથ ૫થી૯, ૧૦થી૧૫, ૧૬થી૨૨, ૨૩થી ૪૦, ૪૦થી ૫૦ તથા ૫૦થી ઉપર એમ બાળકો તથા મહીલાઓ માટે રનીંગ રેસ, ફ્રોગજંપ, લંગડી, પોટેટો રેસ, બેક રનીંગ, સ્કીપીંગ રેસ, લીંબુ ચમચા, સેક રેસ, મ્યુઝીકલ ચેર જેવા વિવિધ પ્રકારના સ્પોર્ટસનું આયોજન કરવામાં આવેલ. જેમાં સારી સખ્યામાં બાળકો તથા મહિલાઓએ ભાગ લઈ વિજયી થયા હતા. આ ગેમ્સ સૌ. શિલ્પા કલ્પેશ છેડા, સૌ.ચેતના હીતેશ મોમાયા તથા કુ.શિલ્પા મૈશેરી એ બધાને રમાડી હતા.

મુખ્ય દાતા શ્રી સુશીલભાઈ લક્ષ્મીચંદભાઈ ખોના (સાંયરા) તથા જૈન સ્પોર્ટસ એકેડમી મેદાનના સંચાલક K.D.O.અધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ માણેકજી છેડા, ક્રિકેટ ટીમના ચાર ઓનર શ્રી.લલીતભાઈ વર્ધમાનભાઈ લોડાયા, શ્રી જયેશભાઈ નારાયણજી સોની, શ્રી નવીનચંદ્રજી ચંદુલાલજી ખોના, શ્રી હેમંતભાઈ ચત્રભોજ માયા આદિને એમના વિશેષ અમુલ્ય સહકાર્ય બદલ ફુલ તથા મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા.

મહાનુભાવોને હાથે વીજયી ટીમ લોડાયા લાયન્સ તથા રનર અપ ટીમ ખોના લેમેક્સીયન તથા અન્ય સ્પોર્ટસમાં જીતેલા બાળકો તથા મહીલાઓને ટ્રોફી, મેડલ્સ તથા સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમને યશસ્વી બનાવવા સમાજના અધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ છેડા, ઉપાધ્યક્ષ શ્રી પંકજભાઈ મોમાયા, સેક્રેટરી શ્રી કેતનભાઈ નાગડા, શ્રી ભાવેશભાઈ મોમાયા, શ્રી મનીષભાઈ પોલડીયા તથા પ્રોજેક્ટ ચેરમેન ચિ. સિધ્ધાંત પોલડીયા અને સૌ. શિલ્પાબેન છેડાએ પરીશ્રમ લીધો. (તસવીરો સામેના ૨૭માં પાને)

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૧૨.૧૪ | કોલકત્તા | કીર્તી કિશોર માલાણી (લોડાયા) | સાંયરા | ૬૮ |
| ૧૯.૧૨.૧૪ | નલિયા | ભવાનજી લખમશી ભીંયશી ધમરશી | સુથરી | ૭૩ |
| ૨૧.૧૨.૧૪ | શીવ | ભરત લહેરચંદ કાનજી લોડાયા | મંજલ | ૬૪ |
| ૨૨.૧૨.૧૪ | ધુલિયા | મનીષ લક્ષ્મીચંદ વિશનજી (ધરમશી) ભાટે | સુથરી | ૪૭ |
| ૨૨.૧૨.૧૪ | ભીવંડી | રજનીકાંત નેણશી ધારસી લોડાયા | નાની ખાવડી | ૭૫ |
| ૨૪.૧૨.૧૪ | મુલુંડ | નારાણજી નરશી રામૈયા ધરમશી | સાંયરા | ૮૩ |
| ૨૪.૧૨.૧૪ | ઉદયપુર | હીરજી શામજી કચરા લાપસીયા | દલતુંગી | ૮૯ |

# ‘‘કે.ડી.ઓ. ખેલોત્સવ’’ જલગાવ - ૨૦૧૪



કે.ડી.ઓ. જલગામના
અધ્યક્ષ કલ્પેશભાઈ છેડા
તથા પ્રોજેક્ટ ચેરમન
ચિ. સિદ્ધાંત પોલડીયા,
ચાર ક્રિકેટ ટીમોના માલીકો,
તથા મુખ્ય દાતા
શ્રી સુશીલભાઈ શાહના હસ્તે
ખેલોત્સવનો શુભ આરંભ




કે.ડી.ઓ. જલગામનાં અધ્યક્ષ કલ્પેશ છેડાનું ઉદબોધન



વિજયી ટીમ લોડાયા લાયન્સને ટ્રોફી અર્પણ
સાથે માલીક લલીતભાઈ લોડાયા



ખોના લેમેક્સીયન રનર અપ ટીમને ટ્રોફી અર્પણ
માલીક, સુનીલભાઈ ખોના તથા ધનેશભાઈ ખોના




સોની સુપ્રીમો ટીમ માલીક જયેશ સોની સાથે



માયા ચેલેન્જર્સ ટીમ
માલીક ચંદ્રેશ માયા સાથે



બધી ટીમના ખેલાડીઓ



કે.ડી.ઓ. નાના બાળકો
રમત રમતા



કે.ડી.ઓ મહીલાઓ રમત રમતા



કે.ડી.ઓ. ભાઈ - બહેનોની બહોળી સંખ્યામાં હાજરી

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા કચ્છ સુથરીમાં આયોજિત સમુહ લગ્નમાં પધારેલા મહાનુભાવોનું સન્માન

વધુ તસવીરો પહેલાં અને બીજા કવર પર


સંચાલન કરતા પ્રબોધ મુનવર


રાજેન્દ્ર ખોનાનું સન્માન


ચેતન મોમાયાનું સન્માન


ગુલાબભાઈ દંડનું સન્માન


મહેશ લાલકાનું સન્માન


મણિકાંત લોડાયાનું સન્માન


હિરાચંદ ગાલાનું સન્માન


વીરેન્દ્ર લોડાયાનું સન્માન


સુથરી મહાજનનું સન્માન


ચેતન પીરનું સન્માન


ભુપેન્દ્ર વિકમશીનું સન્માન


કિસન સંઘારનું સન્માન


વાલજીભાઈ અને જીજ્ઞેશનું સન્માન


હીના ગાલાનું સન્માન


મહેશ નાગડાનું સન્માન


વકીલભાઈનું સન્માન






ક.દ.ઓ. જ્ઞાતિના રંગોળી કલાકાર અને અનોખા પોલીસ મિત્ર નિર્મલા મૈશેરી

પરિચય ૧૨માં પાને

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના કેલેંડરનું જ્ઞાતિ અર્પણ સંપન્ન (અહેવાલ ૭ માં પાને)





if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,